Shree Dharmachakra Prabhav Tirth,Nashik

ISSN 0250-975X

# ભાષાવિમર્શ

સંપાદક : હરિવલ્લભ ભાયાણી

પુસ્તક ૪ ] [ અંક ૩

જુલાઈ : ૧૯૯૧

( પ્રકાશિત : સપ્ટેમ્બર ૧૯૯૧ )

ઊર્મિ દેસાઈ : રચનાઘટક-વિજ્ઞાન ( 'ટૅગ્મેમિક્સ' ) ( એક ટૂંકો પરિચય ) ( ક્રમશઃ ) ૧૦૯

અત્રતત્ર : ( ૧ ) એક મહત્ત્વની સમીક્ષા ( જોન માર્શલ : ભારતી મોદી ) ૧૨૭

( ૨ ) એક મહત્ત્વનો સેમિનાર ( ઊર્મિ દેસાઈ ) ૧૩૩

ગુજરાતી સાહિત્ય પરિષદ : અમદાવાદ

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

# ભાષાવિમર્શ

- 'ભાષાવિમર્શ'માં ભાષાવિજ્ઞાન તથા ગુજરાતી અને ઇતર ભારતીય ભાષાઓને લગતા મૌલિક સંશોધન-અધ્યયન-લેખો, એમના અનુવાદ, ગ્રંથસમીક્ષા વગેરે પ્રકાશિત થશે.
- વર્ષનાં ૨૦૦થી ૨૫૦ પૃષ્ઠ, ચાર અંક, અનુક્રમે જાન્યુઆરી, એપ્રિલ, જુલાઈ અને ઑક્ટોબરમાં પ્રકાશિત.
- વ્યક્તિ માટે વાર્ષિક રૂા. ૧૦–૦૦, સંસ્થા માટે વાર્ષિક રૂા. ૧૫–૦૦; છૂટક અંકની કિંમત રૂા. ૪–૦૦
- લવાજમ, વિનિમય માટેનાં સામયિકો વગેરે મોકલવાનું સરનામું :
  મંત્રી, ગુજરાતી સાહિત્ય પરિષદ ☎ ટે. નં. ૭૭૯૪૭
  ટાઇમ્સ ઑફ ઇન્ડિયા પાછળ, આશ્રમ રોડ, અમદાવાદ–૯
- લેખો અને અવલોકન માટેનાં પુસ્તકો મોકલવાનું સરનામું :

  **હરિવલ્લભ ભાયાણી**
  ૯, હાઈલેન્ડ પાર્ક, ગુલબાઈ ટેકરો,
  અમદાવાદ – ૩૮૦ ૦૧૫
- પ્રબંધ : વાડીલાલ ડગલી, શિવકુમાર જોશી, રઘુવીર ચૌધરી

નવા વર્ષનું લવાજમ જેમણે હજુ ન મોકલ્યું હોય તેઓ તરત જ મોકલી આપે એવી વિનંતી છે.

પ્રકાશક : રઘુવીર ચૌધરી, મંત્રી, ગુજરાતી સાહિત્ય પરિષદ,
ટાઇમ્સ ઑફ ઇન્ડિયા પાછળ, આશ્રમ રોડ, અમદાવાદ–૯
મુદ્રક : કાન્તિભાઈ મ. મિસ્ત્રી, આદિત્ય મુદ્રણાલય, અમદાવાદ–૧ ફોન : ૩૯૨૫૧૨

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik



# રચનાઘટક-વિજ્ઞાન ('ટૅગ્મેમિક્સ')*

## (એક ટૂંકો પરિચય)

ઊર્મિ દેસાઈ

### પ્રસ્તાવના

આ સિદ્ધાન્તના પુરસ્કર્તા છે ડૉ. કેનિથ પાયક. 'સમર ઈન્સ્ટિટ્યુટ ઑવ્ લિંગ્વિસ્ટિક્સ' નામક સંસ્થામાં આ સિદ્ધાંતનો ઉદ્ભવ થયો છે. જે ભાષા લિપિ વિનાની હોય, જેનું સાહિત્ય ન હોય અને જેના પર પૃથક્કરણ કે એવું બીજું સંશોધનાત્મક કાર્ય ન થયું હોય એવી અલિખિત અને અજાણી ભાષાઓ ઉપર પ્રત્યક્ષ રીતે કામ કરતાં કરતાં આ સિદ્ધાંત આકાર પામ્યો છે. આવી ભાષાઓના વ્યવહારુ કોયડાઓ ઉપર કામ કરનારને તાલીમ આપતાં આપતાં આ પદ્ધતિ વિકસી છે, અને વખતોવખત તેમાં સુધારાવધારા થતા રહ્યા છે. ઉપર્યુક્ત સંસ્થામાં આવી છ સોથી વધુ ભાષાઓ ઉપર કામ થયું છે.

કદી શીખી કે સાંભળી ન હોય એવી ભાષા ઉપર સંશોધનકાર્ય કરનાર વિદ્યાર્થીને તાલીમ આપવાનુ શકય કઈ રીતે છે તે સમજાવવાનો પ્રયત્ન પણ આ સિદ્ધાંત કરે છે, અને આમ એ માત્ર ભાષાસામગ્રીનું પૃથક્કરણ રજૂ કરવાની રીત પૂરતો જ મર્યાદિત નથી બની રહેતો.

ભિન્નભિન્ન ભાષાકીય સીમાડાઓ – વ્યવધાનો હોવા છતાં, માનવપ્રકૃતિ અમુક અર્થમાં એકરૂપતા ધરાવે છે. જો એમ ન હોય તો એના અભ્યાસ માટે કોઈ પણ રીતિપદ્ધતિ શકય ન બને. રચનાઘટકવિજ્ઞાન આ એકરૂપતાને પામવા મથે છે અને એટલા માટે એ સિદ્ધાંતનાં જે ગૃહીતો છે તે માનવ-પ્રકૃતિનાં સાર્વત્રિક તત્ત્વોનું અનુમોદન કરનારાં છે. આ સાર્વત્રિક તત્ત્વો ભાષામાંથી તેમ જ બિન-ભાષાકીય વર્તનમાંથી પ્રતીત થાય છે.

---

* કેનિથ અને ઈવ્લિન પાયૂક કૃત 'ગ્રામેટિકલ અનેલિસિસ' (૧૯૭૭)નાં પહેલાં નવ પ્રકરણને આધારે.



For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

પુસ્તકના પ્રવેશાત્મક પ્રકરણમાં મનુષ્યના ભાષાકીય તથા બિનભાષાકીય વર્તનમાં પ્રવર્તતા કેટલાક સર્વસામાન્ય સિદ્ધાંત પ્રસ્તુત કરેલા છે. આમાં દૃષ્ટિ એ છે કે ભાષાને જીવનથી વિચ્છિન્ન કરીને નહીં, પણ તેના એક અંગ તરીકે જોવાની છે, અને કોઈ પણ સહેતુક કાર્ય પરત્વે પ્રવર્તતા સિદ્ધાંતો ભાષાની બાબતમાં પણ પ્રવર્તે છે. આ મુદ્દા પર રચનાઘટકવિજ્ઞાન એવા ભાષાસિદ્ધાંતોથી જુદું પડે છે, જે સિદ્ધાંતો ભાષાબંધારણને કેવળ અમૂર્ત ગાણિતિક કે તાર્કિક તંત્ર ગણીને ચાલે છે.

બીજા પ્રવર્તમાન ભાષાસિદ્ધાંતોમાં અલિખિત ભાષાઓની સંરચનાની ખોજ માટેની રીતિપદ્ધતિઓ જોઈએ તેટલી વિકસી નથી. તેમ તે સિદ્ધાંતો વ્યવહારુ કોયડા ઉકેલવા માટે હજી સુધી એટલા રોચક નથી બની શક્યા. આથી અન્ય કોઈ ભાષાસિદ્ધાંતની તાલીમ પામેલા માટે પણ રચનાઘટકવિજ્ઞાન સહાયક બની શકે તેમ છે. પ્રસ્તુત પુસ્તકમાં તેના લેખકોને ભાષા વિશે **શી વાત કરી શકાય** તેના કરતાં ભાષા વિશે **શું કરી શકાય** એમાં વધારે રસ છે.

## વિષયપ્રવેશ : માનવીય વર્તનના બંધારણનાં સાર્વત્રિક તત્ત્વો

રચનાઘટકવિજ્ઞાનનો સિદ્ધાંત મુખ્યત્વે ચાર વિભાવનાઓ પર આધારિત છે : (૧) એકમ, (૨) અંગાંગિભાવ, (૩) સંદર્ભ, (૪) પરિપ્રેક્ષ્ય. આ ચાર વિભાવનાઓ અને તેમના આંતરસંબંધો જો બરાબર સમજવામાં આવે તો રચનાઘટકવિજ્ઞાનના સિદ્ધાન્તો અને માનવીય વર્તનનાં સાર્વત્રિક તત્ત્વો ગ્રહણ કરવા સરળ બને.

### ૧. એકમ :

સપ્રયોજન કે હેતુપૂર્વકનું કોઈ પણ વર્તન (જેમાં ભાષાનો પણ સમાવેશ થાય છે) ખંડોમાં કે ઘટકોમાં વહેંચી શકાય છે (જેમ કે ભાષામાં શબ્દો, વાક્યો, વાર્તાઓ, ધ્વનિઓ, નામિક ખંડક વગેરે જેવા ઘટકો સમાયેલા છે). એટલે આપણને આ ખંડો કે ઘટકો શોધી કાઢવાની રીતિપદ્ધતિની જરૂર પડે છે અને વાણીના પ્રવાહમાંથી એમને વિભક્ત કરીને એમનો અભ્યાસ કરવો જરૂરી બને છે. વ્યક્તિઓ, વસ્તુઓ અને બનાવો પણ એકમો છે.

**એકમના ભેદક, ઓળખાવનારા ધર્મો** : આવા કોઈ પણ એકમને શોધી અને ઓળખી કાઢવા, સૌ પ્રથમ એનાં એવાં તત્ત્વો, લક્ષણો કે ઘટકો શોધી કાઢવાનાં રહે, જે એને બીજા બધાથી અલગ તારવી આપે



For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

– ટૂંકમાં, જે વ્યાવર્તક હોય. એક વાર આવાં તત્ત્વો શોધાઈ જાય તે પછી બીજા કોઈ પણ સંદર્ભમાં એ એકમને ઓળખી કાઢવા આ જ તત્ત્વોનો ઉપયોગ કરી શકાય (જેમ કે प् અને ब् એ ધ્વનિઓમાં प् અઘોષ, અલ્પપ્રાણ, ઓષ્ઠ્ય સ્પર્શ–વ્યંજન છે, જ્યારે ब् ઘોષ, અલ્પપ્રાણ, ઓષ્ઠ્ય સ્પર્શ–વ્યંજન છે. ભેદકના માત્ર પહેલા ધર્મ ઘોષત્વ/અઘોષત્વમાં જ છે).

**એકમના આકારભેદ :** ભાષાને પણ વર્તન ગણીએ એટલે તેના એકમોનાં વિભિન્ન સ્વરૂપ હોવાનાં જ. કારણ કે કોઈ પણ ઘટના કોઈ પણ વ્યક્તિ દ્વારા એને એ રૂપે પુનરાવર્તન પામવાની જ નહીં. જ્યારે બે ઉક્તિઓ કોઈ તંત્રમાં સંરચનાની દૃષ્ટિએ સરખી હોય (અને ભાષકો પણ એમને સરખી જ ગણતા હોય) ત્યારે એ ઉક્તિઓને એકબીજાની પર્યાય કહેવામાં આવે છે, અને એ પર્યાયો વચ્ચેના તફાવતને આકારભેદ કહેવામાં આવે છે. (સંસ્કૃત ङ्, ञ એક જ અનુનાસિક વ્યંજનરૂપ ઘટકના પર્યાય છે. તેમની વચ્ચેનો તફાવત આકારભેદ છે. મેજ વસ્તુના અનેક પ્રકારો વચ્ચે આકારભેદ હોવા છતાં તે બધાં મેજ એકમના જ પર્યાય થયા.).

દરેક એકમને તેનો ભૌતિક ઘટક હોય છે.

**એકમની ઉપસ્થિતિ :** સપ્રયોજન વર્તનના કોઈ પણ એકમને બીજા એકમોથી સંપૂર્ણપણે અલિપ્ત કે અલગ રાખીને ઓળખી શકાય નહીં. દરેક એકમ બીજાની અપેક્ષામાં જ અસ્તિત્વ ધરાવે છે. તેઓ પરસ્પર સાપેક્ષ હોય છે ('ક્રિયા' કહેતાં 'કર્તા' પણ ગૃહીત થાય જ).

**વર્ગમાં ઉપસ્થિતિ :** એકમ એ અમુક સંરચનામાં તેના તે ખાલી ખાનાને જે પૂરી શકે તેવા સંપૂરકોના વર્ગનો એક સભ્ય હોય છે. ('માણસ ઘરે આવ્યો' અને 'છોકરો ઘરે આવ્યો' એ વાક્યોમાં 'માણસ' અને 'છોકરો' એક જ વર્ગના, વાક્યમાંનું તેનું તે ખાલી ખાનું ભરતા સભ્યો છે).

**અનુક્રમમાં ઉપસ્થિતિ :** વર્તનની કોઈ લાંબી ઘટનાઓમાં અંશોની પૂર્વાપરતા હોવાની. આ દૃષ્ટિએ એકમો અનુક્રમમાં ઉપસ્થિત હોય છે.

**તંત્રમાં ઉપસ્થિતિ :** વર્તન એ એક પછી એક આવતા ક્રમબદ્ધ એકમોનો માત્ર ગણ નથી. તેની પૃષ્ઠભૂમિમાં કોઈક પ્રકારનું સર્વસામાન્ય સંબંધોનું તંત્ર હોય છે, જેના માળખામાં રહીને કોઈ પણ એકમ પ્રવૃત્ત થતો હોય છે (જેમ કે 'છોકરો' એ નામ, આખ્યાત, વિશેષણ વગેરેના બનેલા તંત્રમાં રહેલું એક નામ છે.).



For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

**૨. અંગાંગિભાવ (અંશ અને સમગ્રનો સંબંધ) :**

જ્યારે નાના એકમોનો મોટા એકમોમાં, અને તેમનો વધુ મોટા એકમોમાં સમાવેશ થયેલો હોય ત્યારે અંગાંગિભાવ હોવાનું કહી શકાય. અંગાંગિભાવના ત્રણ પ્રકાર છે : નિર્દેશીય, ધ્વનિતત્ત્વીય અને વ્યાકરણીય.

**નિર્દેશીય અંગાંગિભાવ** : અમુક સપ્રયોજન ઘટનાને કે ઓળખાયેલ ઘટક તત્ત્વને ભાષામાં વિવિધ પ્રકારનાં વિધાનો કે નામકરણરીતિઓથી રજૂ કરી શકાય. આવી સપ્રયોજન ઘટના કે ઓળખેલા તત્ત્વના અર્થને આપણે 'વિભાવ' કહેશું, અને તેને વિશે વાત કરવાની વિવિધ રીતોને 'શબ્દાંતરણોનો ગણ' કહેશું. અમુક વિભાવ તેના શબ્દાંતરણોના ગણ સાથે મળીને નિર્દેશીય અંશ-સમગ્ર-યોજનાનું એક એકમ બને છે. આ અંગાંગિભાવના એકમોની યાદી એટલે વિશ્વકોશ. ('નાક' અને 'ઘ્રાણેંદ્રિય' એ નિર્દેશીય અંગાંગિભાવના તેના તે એકમને રજૂ કરતો શબ્દબંધોનો ગણ છે. 'મસ્તક' અને 'શિર' એ જ અંગાંગિભાવનું ઊંચું સ્તર રજૂ કરે છે.).

**ધ્વનિતત્ત્વીય અંગાંગિભાવ** : ધ્વનિઓનો તેમનો સમાવેશ કરતા અક્ષરો, સ્વરભારનિબદ્ધ જૂથ, વિરામલક્ષિત જૂથો વગેરે સાથેનો સંબંધ તે ધ્વનિતત્ત્વીય અંગાંગિભાવ.

**વ્યાકરણીય અંગાંગિભાવ** : જ્યારે અમુક પ્રકારના વિશિષ્ટ શબ્દકોશીય તત્ત્વો (એકલાં કે ક્રમબદ્ધ) તેમનાથી બનેલા વધુ મોટા એકમોના ભાગ તરીકે કામ કરે છે, ત્યારે સમાવિષ્ટ અંશોનો સમાવેશક ભાત સાથેનો સંબંધ (અને સમાવેશક સમગ્ર દ્વારા તેના અંશો વચ્ચેનો સંબંધ) એ વ્યાકરણીય અંગાંગિભાવ છે. (રૂપઘટક શબ્દનો, શબ્દ ખંડકનો, ખંડક ઉપવાક્યનો, ઉપવાક્ય વાક્યનો, વાક્ય પરિચ્છેદનો, પરિચ્છેદ એકોક્તિનો, એકોક્તિ વિનિમયનો, વિનિમય સંભાષણનો ભાગ હોય.).

**૩. સંદર્ભ :**

કોઈ પણ એકમને તેનો સંદર્ભ સાથેનો સંબંધ ધ્યાનમાં લઈને જ પ્રાપ્ત કરી શકાય કે તેની વ્યાખ્યા બાંધી શકાય. આથી પૃથક્કરણમાં કેટલીક વાર અલગ તારવી શકાય તેવે રૂપે અમુક એકમોની ઉપરથી ધ્યાન ખસેડીને, તેઓ સંદર્ભાશ્રિત જ હોય એમ ગણીને તેમના પર ધ્યાન કેન્દ્રિત કરવાનું હોય છે.

**રૂપ અને અર્થનું સંયોજન** : અર્થ એટલે વક્તાનું અભિધેય.



For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

અથવા તો ભાષાના એકમનો શ્રોતાની સમજણ, ગ્રહણ કે વર્તન પર પડતો પ્રભાવ. આ એકમને પ્રગટ કરતું ભૌતિક દ્રવ્ય કે તેની આનુક્રમિક ગોઠવણી અથવા તેના કેટલાક કે બધા ભેદક ઘટકોની સહવર્તિતા એ તેનું રૂપ. પ્રકટપણે કે ગર્ભિતપણે રૂપ અને અર્થ બંનેને કોઈક રીતે આવરી લઈએ ત્યારે જ ભાષાનું એકમ ઓળખી કે વર્ણવી શકાય ભાષાનું એકમ રૂપ અને અર્થના સંયોજન રૂપે હોય છે. શબ્દ સાંભળ્યા વિના વાર્તાશ્રવણ થતું નથી. ઉચ્ચારણ-અવયવોના હલનચલન વિના ધ્વનિનું અસ્તિત્વ હોતું નથી. 'તેણે ગાવાનો પ્રયાસ કર્યો.' એ રૂપ ધ્વનિઓ, શબ્દો અને વાક્ય દ્વારા અમુક અભિધેય પ્રકટ કરે છે.

**સહભાગિતા દ્વારા પરિવર્તન** : બે તત્ત્વો વચ્ચે કશુંક ભૌતિક કે માનસિક સમાન હોય તો જ એકનો બીજા પર પ્રભાવ પડે; જેમ કે સંસ્કૃત સૃષ્ટિમાં સૃજ્-ના – જ્ –નો –તિ નો– ક્તિ પ્રત્યય પૂર્વે –ષ્– થાય છે અને પ્રત્યયના –ત્–નો પણ –ટ્– થાય છે. અંગ્રેજી won'tમાં willનું not પૂર્વે wo થાય છે અને not પોતે પણ બદલાઈને nt બને છે.

**પ્રકરણ કે અનુષંગ** : વાણીવ્યવહાર સાંસ્કૃતિક કે વૈચારિક શૂન્યાવકાશમાં નથી થતો. તે તત્કાલીન અમુક વિષય, શૈલી, પ્રકાર કે પરિસ્થિતિ સાથે સંબંધ હોય છે. આને પ્રકરણ કે અનુષંગ કહીએ. જેમ કે વિજ્ઞાનના શાસ્ત્રીય ગ્રંથને બદલે જો લોકકથાનો પ્રકાર હોય તો ભાષાનું પોત બદલાય — તેમાં વૃક્ષો પણ વાતચીત કરે.

## ૪. પરિપ્રેક્ષ્ય :

નિરીક્ષક પણ સિદ્ધાંતનો એક ઘટક બનેલો હોય છે, કેમ કે કોઈ પણ હકીકતનો વિચાર તેને અનુલક્ષ્યા વિના નથી થતો. હવે નિરીક્ષકનું દૃષ્ટિબિંદુ બદલાતું હોઈને — સામગ્રીને જોવાની તેની રીતમાં ફેરફાર થતો હોઈને — સિદ્ધાંતનાં પણ વિભિન્ન પ્રારંભબિંદુ હોઈ શકે.

**સ્થિતિશીલ પરિપ્રેક્ષ્ય** : જગત પદાર્થોનું ( મૂળભૂત કણો, તત્ત્વો, ચીજોનું ) બનેલું હોય એ રીતે એને જોઈ શકાય. આ કણદૃષ્ટિ કોઈક અર્થમાં સહજસાધારણ ગણાય છે.

**ગતિશીલ પરિપ્રેક્ષ્ય** : ઉત્તરોત્તર બનતી 'વિવિક્ત' ઘટનાઓને જોતો નિરીક્ષક તેમને એક અખંડ, ગતિમાન ઘટના તરીકે લઈ શકે; અને કોઈ પણ એકાત્મક એકમને ગતિશીલતાની દૃષ્ટિએ — તેને આદિ ( આરંભનો



For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

ગાળો), મધ્ય (કેન્દ્ર કે વચગાળો) અને અંત (છેવટનો ગાળો) હોય તે રીતે — જોઈ શકાય. આ થઈ તરંગદૃષ્ટિ; જેમ કે સંગીતમાં રાગને સૂરોનું પરિણામ લેખી શકાય. આ દૃષ્ટિમાં બે લગોલગ રહેલા એકમો એકબીજામાં ભળી જાય કે એકબીજાને આવરે અને પરિણામે તેમની સીમાઓ અનિશ્ચિત બની જાય, જેથી તેમનું વિભાજન કરવા જતાં તોડફોડ કરવી પડે.

**સંબંધગત પરિપ્રેક્ષ્ય :** એકમોના રૂપ, દ્રવ્યસંભાર કે વિસ્તાર પરથી લક્ષ ખસેડીને નિરીક્ષક તેમને તેમની વચ્ચેના સંબંધની દૃષ્ટિએ જોઈ શકે. આ દૃષ્ટિએ એકમ અમુક સંબંધક્ષેત્રમાં કે સંબંધોની જાળગૂંથણીમાં રહેલું એક બિંદુ બની જાય છે; જેમ કે કોઈ કારખાનાના વિવિધ ભાગો વચ્ચેના અટપટા સંબંધોની જાળનો આપણે એક સાદા શબ્દ 'બ્લૂપ્રિન્ટ'થી નિર્દેશ કરી શકીએ.

## ૧. વાર્તાલાપગત સંરચના

કોઈ પણ વાર્તામાં તેના વ્યાકરણીય સ્વરૂપ અને અર્થ તેનાં નિર્દેશીય સ્વરૂપ અને અર્થથી જુદાં પડે છે. વાર્તાના વ્યાકરણીય સ્વરૂપમાં રજૂઆતનો ક્રમ તથા પસંદગી પામેલાં વાક્યો, પેટાવાક્યો, શબ્દો વગેરેનો સમાવેશ થાય છે. બીજી બાજુ વાર્તાના નિર્દેશીય સ્વરૂપમાં કથાવસ્તુના બંધારણનો પ્રકાર, ઘટનાઓની અરસપરસ ગૂંથણીની ભાત અને પાત્રો તથા પરિવેશની પસંદગીનો સમાવેશ થાય છે.

વ્યાકરણીય અર્થમાં વાક્યના ભાગો વચ્ચેના સંબંધો (જેમ કે કાર્યકારણ સંબંધ)થી લઈને રૂપઘટકોના વર્ગો વચ્ચેના સંબંધો સુધીનો સમાવેશ થાય છે. તો નિર્દેશીય અર્થમાં અમુક કથાવસ્તુની ઓળખથી માંડીને અમુક પાત્રોની ઓળખનો સમાવેશ થાય છે.

તેની તે વાર્તા એક જણ કરતાં બીજો જણ વધુ સારી રીતે કહી શકતો હોવાનું આપણે જાણીએ છીએ. બે જણની કથનરીતિનાં ભેદક તત્ત્વોને ઘણુંખરું વાર્તાના વ્યાકરણીય બંધારણ સાથે નિસ્બત હોય છે, જ્યારે તેમની વચ્ચે જે સમાન હોય છે તેને તત્ત્વતઃ વાર્તાના નિર્દેશીય બંધારણ સાથે લાગતું-વળગતું હોય છે. વાર્તાના વ્યાકરણીય અને નિર્દેશીય બંધારણોમાં એક-બીજાથી સ્વતંત્રપણે ફેરફાર થઈ શકતો હોય છે.

વાર્તાનું સ્વરૂપ ગદ્યમાંથી પદ્યમાં, રજૂઆતના એક ક્રમમાંથી બીજા ક્રમમાં (જેમ કે કાલાનુક્રમિક વૃત્તાંતને બદલે વચ્ચેથી પ્રારંભ, અતીત ઘટનાનું



For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

વર્તમાનમાં અનુસંધાન), શબ્દાંતરે રજૂઆત કરીને અથવા શ્રોતાવક્તાને બદલીને બદલી શકાય છે.

**અવશિષ્ટ અંશો :** વર્ગીકરણ કે યોજનામાં ન બંધ બેસે તેવા સામગ્રીના અંશો પણ અભ્યાસીની સામે આવવાના. તેમને વધુ તપાસ માટે અલગ તારવીને રાખવા.

## નામાંકિત ઘટકોની વૃક્ષાકૃતિ કે જાળગૂંથણીના રૂપમાં પ્રસ્તુત થતું વાર્તાનું એક વ્યાકરણીય સ્વરૂપ :

વાર્તાના કોઈ પણ એકમના ભાગોની રૂપરેખા અંગાંગિભાવ દર્શાવતી ઊંધા (મૂળ ઊંચે, શાખા નીચે) વૃક્ષની આકૃતિથી બતાવી શકાય. તેમાં ભાગોનું પ્રતિનિધિત્વ કરતી શાખાઓ સમાવેશક રચનાઓનું પ્રતિનિધિત્વ કરતાં પર્વ(ગાંઠો)માંથી નીકળતી બતાવાય. એક જ પર્વમાંથી નીકળતી શાખાઓ તે પર્વ પર રહેલી રચનાના અવ્યવહિત ઘટકો તરફ દોરી જાય. જ્યારે એકથી વધુ દિશામાંથી શાખાઓ પર્વગાં પ્રવેશીને પાશ રચતી હોય ત્યારે જે આલેખ (કે તેનો એકાંશ) બને તે જાળગૂંથણી કહેવાય.

વૃક્ષાકૃતિના પર્વ પર સંરચનાના વર્ગનું નામ મુકાય શાખાની ઉપર જે રચનામાં એકમ બંધ બેસતું હોય તેના ખાનાનું નામ અને શાખાની નીચે તે રચનામાં તે જે ભૂમિકા ભજવતું હોય તેનું નામ મુકાય. શાખાને છેડે તે જેનું પ્રતિનિધિત્વ કરતું હોય તે વાર્તાંશ મુકાય. રચનાનો વધુ સ્વાયત્ત ભાગ તે તેનું મધ્ય. તેનો પરાયત્ત ભાગ તે પ્રાન્ત. શરૂઆતનો પ્રાન્તભાગ તે ઉપોદ્ઘાત છેવટનો પ્રાન્તભાગ તે ઉપસંહાર.

ઉદાહરણ તરીકે, અમુક વાર્તામાં ઉપોદ્ઘાત સંનિવેશનો બનેલો હોય અને તેનો આવિષ્કાર સ્વાયત્ત, વિધાનવાક્ય વડે થયો હોય. તે પછી આવતું મધ્ય આદાનપ્રદાનનું બનેલું હોય અને તેનો આવિષ્કાર સંભાષણ વડે થયો હોય. તે પછી ઉપસંહાર હોય, જે પરિણામનો બનેલો હોય અને તેનો આવિષ્કાર આશ્ચર્યવાક્ય વડે થયો હોય, વગેરે.

બે વિભિન્ન કથાવસ્તુ(નિર્દેશીય બંધારણ)નું એક જ વૃક્ષાકૃતિ-બંધારણ હોઈ શકે.

## સૂત્રો અને રૂપઘટક-વર્ગો

વૃક્ષાકૃતિ વડે વ્યાકરણીય બંધારણનાં કેટલાંક મહત્ત્વનાં લાક્ષણિક



For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

તત્ત્વો સીધેસીધાં બતાવી શકાય છે, પરંતુ બીજાં કેટલાંક તત્ત્વો તે રીતે બતાવવામાં તે નિષ્ફળ જાય છે; જેમ કે અમુક રચનાના પર્યાયોનો વિસ્તર.

વૃક્ષાકૃતિ વ્યાકરણીય બંધારણને વ્યાકરણીય ઘટકોની (રચનાઘટકોની) ચતુષ્કોણી ગોઠવણી(ખાનું, ભૂમિકા, વર્ગ અને સંઘટક તત્ત્વ)ના રૂપમાં – સૂત્રો અને રૂપઘટક-વર્ગોના રૂપમાં – ઢાળી શકાય.

## ૨. વ્યાકરણીય અંગાંગિસંબંધમાં કક્ષાઓની યુગલબંધી

**વ્યાકરણીય અંગાંગિસંબંધની કક્ષાઓ** : એક દૃષ્ટિએ, વ્યાકરણીય અંગાંગિસંબંધને વિવિધ કક્ષાએ રહેલા એકમોની ટીપ તરીકે જોઈ શકાય.

**સમાવેશ :**

કોઈ એક કક્ષાનું, તેના સાધારણ દીર્ઘ સ્વરૂપવાળું એકમ નીચલી કક્ષાના સાધારણ સ્વરૂપના એકમ કરતાં દીર્ઘતર હોય.

કદના સામર્થ્યના ઊતરતા ક્રમે કક્ષાઓ નીચે પ્રમાણે છે :

સંભાષણ

વિનિમય કે લઘુતમ સંવાદ

એકોક્તિ

પરિચ્છેદ કે વાક્યગુચ્છ

વાક્ય

ઉપવાક્ય

ખંડક

શબ્દ કે પદ

રૂપઘટક–ગુચ્છ

રૂપઘટક

અંગાંગિસંબંધવાળા બંધારણને કારણે રૂપઘટક સિવાયની બધી કક્ષાના એકમોને તેમના ભાગોમાં વિભક્ત કરી શકાય : આ ભાગો એટલે અવ્યવહિત ઘટકો – વૃક્ષાકૃતિમાં કોઈ એક પર્વમાંથી નીકળતી શાખાઓ.

## વિશ્લેષણમાં સમધારણ પ્રયોગો

ભાષા અનિવાર્યપણે સાદૃશ્ય ઉપર સારી રીતે નિર્ભર હોય છે. જે મૂળભૂત ભાતો આવાં સૌથી વધુ વિસ્તૃત અને નિયમિત સાદૃશ્યોને અવકાશ આપે છે તે તે-તે ભાષામાં સમધારણ પ્રયોગો બને છે. પ્રારંભના ક્ષમતા-



For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

વાળા વિશ્લેષણે આમાંના કેટલાક સમધારણ પ્રયોગો શોધી કાઢીને તેમનો લાભ ઉઠાવવો જોઈએ. ('રમેશ આવે છે એ રમાને ગમતું નથી' એ 'રમેશનું આવવું રમાને ગમતું નથી' કરતાં વધુ મૂળભૂત પ્રયોગ છે.) આવા પ્રયોગો એ દૃષ્ટિએ ઉપયોગી છે કે તેમને એક સ્થિર અને સાદા બિંદુ તરીકે લઈને વિભિન્નતા કે સંકુલતાને તેમને પડછે તપાસી શકાય.

## અંગાંગિસંબંધના વિશ્લેષણમાં પ્રવેશ

પાયાનાં ભાષિક એકમોમાંથી કેટલાંક એવી પરિસ્થિતિ સાથે સંકળાયેલાં છે, જેમાં એક જણ બોલે છે અને બીજો પ્રત્યુત્તર આપે છે. વક્તા અને સંબોધિત વ્યક્તિ વચ્ચેના વિનિમયની આ ઘટના નીચેનાં વિશિષ્ટ લક્ષણો ધરાવતું સામાજિક એકમ છે :

(૧) પ્રારંભિક ભાષણ (કે ઉક્તિ) તેમ જ તેના પ્રત્યુત્તર (કે પ્રત્યુક્તિ)થી એક નિર્દેશીય, ધ્વનિતત્ત્વીય તથા વ્યાકરણીય એકમ શરૂ થતું હોય છે.

(૨) પ્રારંભિક ઉક્તિ તેમ જ તેની પ્રત્યુક્તિથી એક નિર્દેશીય, ધ્વનિ-તત્ત્વીય તથા વ્યાકરણીય એકમ સમાપ્ત થતું હોય છે.

આ એકમોના આરંભ અને અંત વાણીપ્રવાહનું ખંડોમાં વિભાજન કરવા માટેનાં નિર્ણાયક એંધાણ ઉપલબ્ધ કરે છે.

## સામાજિક વ્યવહાર અને વાક્ય તથા શબ્દની વ્યાખ્યા વચ્ચેનો સંબંધ :

વિનિમય થાય ત્યારે પ્રારંભની લઘુતમ ઉક્તિ તે સ્વાયત્ત વાક્ય હોય છે અને લઘુતમ પ્રત્યુક્તિ તે પરાયત્ત વાક્ય હોય છે; જેમ કે

'રમેશ ક્યારે આવશે ?' (સ્વાયત્ત વાક્ય)
'હમણાં.' (પરાયત્ત વાક્ય)

આમાં 'રમેશ ક્યારે આવશે ?' એ સ્વાયત્ત વાક્ય છે તેમ જ એક ઉપવાક્યનો મધ્યભાગ છે. આમ **ઉપવાક્યનો મધ્યભાગ** પ્રારંભક ભાષણ તરીકે આવી શકતું નીચામાં નીચી કક્ષાનું એકમ છે.

'હમણાં' એ પરાયત્ત વાક્ય છે તેમ જ સાથોસાથ એ શબ્દ પણ છે. આમ **શબ્દ** પ્રત્યુક્તિ તરીકે આવી શકતું નીચામાં નીચી કક્ષાનું એકમ છે.

આને આધારે વધુ વિસ્તૃત વાણીવિસ્તરોના ખંડ પાડવા માટેનાં નિર્ણાયક ધોરણો પ્રાપ્ત થાય છે. કોઈ એકમની વ્યાખ્યા માટે એક જ



For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

પ્રકારનાં ધોરણો સર્વત્ર ઉપયોગમાં લઈ શકાતા હોય ત્યારે તે વ્યાખ્યા **સંયુક્ત** વ્યાખ્યા કહેવાય. બે વધુ પ્રકારનાં ધોરણોની જરૂર પડે ત્યારે તે વ્યાખ્યા **વિયુક્ત** કહેવાય. **વાકય** એ વધુ ઊંચા સ્તરનો વર્ગ છે અને સ્વાયત્ત વાકય અને પરાયત્ત વાકય એ વર્ગના સભ્યો છે. **પૃથક્કરણીયતા** એ તેમનું સમાન લક્ષણ છે.

બીજી દૃષ્ટિએ અંગાંગિસંબંધે સંકળાયેલી કક્ષાઓને એવી જોડીઓમાં ગોઠવી શકાય, જેમાંની દરેકમાં અર્થનો પ્રકાર સમાન હોય. વ્યાકરણીય કક્ષાઓની આવી યુગલબંદીનો કોઠો નીચે આપ્યો છે :

| **અર્થ** | **લઘુતમ એકમ** | **વિસ્તારિત એકમ** |
|---|---|---|
| સામાજિક ક્રિયા–પ્રતિક્રિયા | વિનિમય | સંભાષણ |
| વિષયવિકાસ | પરિચ્છેદ કે વાકયગુચ્છ | એકોક્તિ |
| પ્રસ્તાવ | ઉપવાકય | વાકય |
| સંજ્ઞા | શબ્દ | ખંડક કે શબ્દગુચ્છ |
| શબ્દકોશીય સંપુટ | રૂપઘટક | રૂપઘટક–ગુચ્છ |

ઉપરના કોઠામાંનાં લઘુતમ એકમો સામાન્યતઃ વિસ્તારિત એકમોના મધ્યભાગો હોય છે.

**શબ્દ વિ૰ ખંડક** : શબ્દ તેમ જ ખંડકથી વસ્તુઓનું નામકરણ કે નિર્દેશ કરી શકાય. તેમને સંજ્ઞા કહી શકાય. જેમ કે 'ગાય' (શબ્દ), 'ધોળી ગાય' (ખંડક). શબ્દ અને ખંડક વચ્ચેનો સંબંધ કેટલીક બાબતમાં ઉપવાકય અને વાકય વચ્ચેના સંબંધને મળતો છે. જો કોઈ શબ્દને સાથોસાથ ખંડક પણ ગણવો હોય તો તે શબ્દનું તે જ સંદર્ભમાં ખંડક કે શબ્દગુચ્છરૂપે વિસ્તરણ થઈ શકતું હોવું જોઈએ. 'કૂતરો ભસ્યો'માં 'કૂતરો' શબ્દ તેમ જ ખંડક છે, કેમકે 'કૂતરો'ને સ્થાને 'કાળો કૂતરો' ખંડક આવી શકે છે.

**ઉપવાકય વિ૰ વાકય** : ઉપવાકય તેમ જ વાકય સંજ્ઞાઓ વિશે કશુંક કહે છે – એટલે કે તે પ્રસ્તાવો છે. 'રમેશ આવ્યો.' (ઉપવાકય), 'રમેશ આવ્યો લાગે છે.' (વાકય).

લઘુતમ ઉપવાકય એવો પ્રસ્તાવ છે જેમાંની (અભિવ્યક્ત કે સૂચિત) સંજ્ઞા કોઈ વિધાન, પ્રશ્ન, આજ્ઞા કે ઇચ્છા (કે વિનંતી કે સૂચન)નો એક ભાગ હોય છે. (જેમ કે 'તેણે પથારી પાથરી'). આ લઘુતમ ઉપવાકયમાં



For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

પ્રાંતભાગે સમય ('મોડી રાતે'), પ્રાપ્તકર્તા ('મહેમાનો માટે') જેવા વૈકલ્પિક વર્ધકો ઉમેરી શકાય છે.

વાક્ય પણ પ્રસ્તાવાત્મક હોય છે. પણ તે બે ઉપવાક્યને જોડી શકતું હોય છે: જેમ કે વાક્યના મધ્યભાગને પ્રાન્તભાગ સાથે ('શરીર સુધારવા, તે રોજ સવારે કસરત કરે છે') વાક્યના એક જ મધ્યભાગમાં બે ઉપવાક્યોને ('તે આવશે તો સૌને ગમશે') અથવા ઉપવાક્યને જે ઉપવાક્ય ન હોય તેવા વાક્યવર્ધક સાથે ('સાધારણ રીતે તે મોડો આવે છે).

## પરિચ્છેદ વિ૦ એકોક્તિ :

પરિચ્છેદ (કે વાક્યગુચ્છ) અને એકોક્તિ બંને ય કોઈક વિષય કે વૈચારિક સંદર્ભને વિકસાવે છે; જેમ કે 'કેટલાક વગર વિચાર્યે પગલું ભરીને પસ્તાનારા હોય છે. રમેશ પણ આમાંનો જ હતો.' એ વાક્યગુચ્છમાં વિષયદર્શક વાક્યની પછી દૃષ્ટાંત આવે છે. પરિચ્છેદ કોઈ એકોક્તિમાં એક ખાનું ભરતો હોય, અથવા તો એકોક્તિ એ પરિચ્છેદની જ બનેલી હોય. જ્યારે જ્યારે કોઈ સંભાષણમાં વક્તા બદલાય કે સંબોધિત વ્યક્તિ બદલાય ત્યારે ત્યારે સાધારણ રીતે નવી એકોક્તિ શરૂ થઈ હોવાનું ગણી શકાય.

એકોક્તિ એક જ શબ્દની (ત્યારે સાથોસાથ તે વાક્ય પણ હોય છે), એક વાક્યની કે બે વાક્યની પણ હોય.

અર્થદૃષ્ટિએ આદર્શ એકોક્તિમાં વિષયનું વિધાન કરીને તે વિકસાવ્યો હોય છે. વિષયવાચક એક જ વાક્યનો પણ આખો પરિચ્છેદ બનેલો હોય. એટલે કે તેમાં વિષયને વિકસાવ્યો ન હોય. જે એકોક્તિમાં અનેક વિષય હોય તે અનેક પરિચ્છેદની બનેલી ગણાય. બે વ્યક્તિઓને એક એકમ તરીકે વારાફરતી વક્તા સંબોધે ત્યારે તે એક જ એકોક્તિ ગણાય. વ્યાખ્યાનમાળા મુકાબલે એકની એક વક્તાશ્રોતા–સંબંધવાળી ખાસ પ્રકારની એકોક્તિ ગણાય.

## વિનિમય વિ૦ સંભાષણ :

એ બંને સામાજિક વાણીવ્યવહાર છે. એક જણની ઉક્તિ તથા બીજા જણની પ્રત્યુક્તિ મળીને વિનિમય બને. સંભાષણની લંબાઈ અનિશ્ચિત હોય છે, કેમકે તેમાં વિનિમયોની સંખ્યા અનિશ્ચિત હોય છે – એટલે કે તેમાં વક્તા-શ્રોતા વચ્ચેની વિવિધ સંબંધરેખાઓની દૃષ્ટિએ જોતાં ઘણા વળાંકો આવે છે. વાણીના તંત્રમાં આ સર્વોચ્ચ એકમ છે (જો કે તેનો વધુ મોટી વર્તનની સંરચનાઓમાં સમાવેશ થાય છે.).



For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

અશબ્દાશ્રિત વર્તનની પરિસ્થિતિમાં સંભાષણ એક ખાનું પૂરે છે. અમુક ખાસ સામાજિક રૂઢિઓ અને મોભાઓ હોય ત્યાં કોની સાથે બોલવું તે અંગે સામાજવિહિત ચોક્કસ નિયમતંત્ર હોય છે. અર્થદષ્ટિએ જોઈએ તો સંભાષણ, વર્તનના સંદર્ભમાં, સામાજિક સંવ્યવહારની સામાજિક પ્રસ્તુતતાને અંશતઃ પૂરી પાડે છે. બે જણ વચ્ચે એક જ વિનિમય થાય તે લઘુતમ સંભાષણ, અને બંધારણની દષ્ટિએ તે સામાન્ય, પાયાનો, લઘુતમ વિનિમય-એકમ ગણાય.

ત્રણ જણ વચ્ચેના સંભાષણનું બંધારણ બે જણ વચ્ચેના સંભાષણના બંધારણ કરતાં મહદંશે જુદું હોય છે.

**રૂપઘટક વિ૦ રૂપઘટક-ગુચ્છ :**

રૂપઘટક એટલે લઘુતમ કોશીય એકમ. એ સૌથી નીચું વ્યાકરણીય એકમ છે. તેના કોઈ વ્યાકરણીય ઘટકો હોતા નથી. જેમ કે 'માણસો'માં 'માણસ' અને '-=ઓ' એ બે રૂપઘટકોનો સંયોગ છે. 'બનાવનાર'માં 'બન-', '-આવ-' અને '-નાર' એવા ત્રણ રૂપઘટકો છે. રૂપઘટક-ગુચ્છ એ લઘુતમ રચના છે. તે શબ્દનું એક જ મધ્યવર્તી કે પ્રાન્તવર્તી ખાનું પૂરતા રૂપઘટકોની આનુપૂર્વી છે, જેમ કે 'માબાપો' એ નામના મધ્યને પૂરતી 'મા' અને 'બાપ' રૂપઘટકોની આનુપૂર્વી.

રૂપઘટક-વર્ગ એટલે અમુક એક વ્યાકરણીય ખાનું પૂરી શકતા રૂપઘટકોની ટીપ. રૂપઘટક-વર્ગ પણ એક એકમ છે.

એક જ વ્યાકરણીય ખાનાને પૂરતી રૂપઘટકોની કોઈ પણ આનુપૂર્વી (અથવા તો બીજા રૂપઘટકો ઉમેરીને વિસ્તારાતો કોઈ રૂપઘટક) એટલે રચના. તે એકકોશીય એકમ છે. રચનાઓ વધતી-ઓછી લાંબીટૂંકી હોય છે. 'રમેશ ઘરે ગયો.' વગેરે જેવી ઉક્તિઓ તેમજ નાટકનો અમુક એક અંક તેનાં ઉદાહરણો છે.

રચનાના અવ્યવહિત ઘટકો વચ્ચે **ક્રમવર્તી** સંબંધ હોય છે. જો કોઈ બે ઘટકો કોઈ રચનામાં એકબીજાનું સ્થાન લઈ શકે તે પરસ્પર **ગણવર્તી** સંબંધે સંકળાયેલા છે.

શબ્દના મધ્ય તરીકે રહેલો રૂપઘટક એટલે ધાતુ. શબ્દના મધ્ય તરીકે રહેલો રૂપઘટક-ગુચ્છ એટલે અંગ.

આ સંજ્ઞાઓ વ્યાકરણીય અંગાંગિસંબંધની કોઈપણ કક્ષાએ રહેલા



For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

કોઈ પણ મધ્યવર્તી તત્ત્વને પૂરનાર સાદા વિ૰ સંકુલ એકમ માટે પણ વાપરી શકાય.

## મધ્યવર્તી અને પ્રાન્તવર્તી એકમો :

અંગાંગિસંબંધની દરેક કક્ષાએ રહેલો લગભગ દરેક એકમ મધ્યવર્તી કે પ્રાન્તવર્તી લક્ષણો ધરાવતો હોઈને તે બાબતની સ્પષ્ટતા કરવી જરૂરી હોય છે.

પ્રાન્તવર્તી ભાગના વિરોધે મધ્યવર્તી ભાગ (૧) વધુ સ્વાયત્ત, (૨) આખા દીર્ઘતર એકમનું વારંવાર સ્થાન લઈ શકતો કે તેને ઓળખાવી શકતો, (૩) વિશાળ વર્ગની સભ્યતા ધરાવતો, (૪) પ્રાન્તભાગ કરતાં વધુ પ્રકારનાં વ્યાકરણીય ખાનાંમાં આવી શકતો, (૫) અર્થગત વધુ કેંદ્રપ્રવર્તી ભૂમિકા ધરાવતો હોય છે; જેમ કે 'મોટા છોકરા'માં 'છોકરા'.

કેટલીક સંરચનાઓમાં બે એકમોની સીમા અસ્પષ્ટ હોય છે. આને ખંડવિભાજનની અનિશ્ચિતતા કહેવાય. આવી બાબતમાં જરૂર પડે ત્યારે ખંડવિભાજન અનુકૂળતા પ્રમાણે કરાય. સીમાઓની અનિશ્ચિતતાને સામગ્રીના ભાગ તરીકે જાળવવાની જરૂર હોય ત્યારે તરંગના પરિપ્રેક્ષ્યનો ઉપયોગ કરી શકાય. આમાં સૂક્ષ્મ ખંડવિભાજન જરૂરી નથી હોતું. માત્ર મધ્યવર્તી ભાગોને વ્યાકરણીય તરંગની ટોચો તરીકે ઓળખી લઈને, બે એકમોના સંધિ-સ્થાનને એકના છેવટના પ્રાન્તભાગ તરીકે અને બીજાના આરંભના પ્રાન્તભાગ તરીકે લઈ શકાય – એટલે કે સંમિશ્રિત એકમોના સંયુક્ત પ્રાન્તભાગને તેમની વચ્ચેનું સંક્રમણ ગણી શકાય. આવું હોય ત્યાં બે એકમના બનેલા આખા સંકુલને એક ગણીને ચાલી શકાય.

ખંડવિભાજનની અનિશ્ચિતતાને કારણે જુદાજુદા વિશ્લેષકોમાં આવા અમુક મુદ્દાઓ અંગે નિર્ણયભેદ હોય અને તેથી તેમનાં ભાષાવર્ણનો વચ્ચે ભિન્નતા હોય.

## ઘટકો વચ્ચેના ચાર મુખ્ય સંબંધો :

(૧) ગૌણતા, (૨) શૃંખલા, (૩) સમકક્ષતા, (૪) સંબંધક–સંબંધિત.

**(૧) ગૌણતા :** રૂપઘટક સિવાયની દરેક કક્ષાએ અને તેના દરેક અંતર્ગત સ્તરે રહેલા ઘણા પ્રાન્તભાગો મધ્યભાગોથી ગૌણ હશે.

રૂપઘટક–ગુચ્છ : '–પણું'માં '–ઉં' (ગૌણ).

શબ્દનું અંગ : '(રામ)નામ' જેવા સમાસ.



For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

શબ્દ : 'માણસો'માં '-ઓ' (ગૌણ).
ખંડક : '(સરસ) ગીત' (નામિક), 'બહુ સરસ ગીત'માં '(બહુ) સરસ' (વિશેષણીય), હિંદી '(આ) જા' (આખ્યાતિક).
લઘુતમ ઉપવાક્ય '(તું) જા.'
સ્વાયત્ત ઉપવાક્ય : 'તે (કાલે) આવશે'
વાક્ય : '(ઘેરે આવીને) તે પલંગ પર પડ્યો.'
પરિચ્છેદ : 'રમેશે આજે ફરી પાડોશી સાથે ઝઘડો કર્યો.
(એને આ એક આદત પડી ગઈ છે.)

આ પ્રમાણે એકોક્તિ, વિનિમય ને વાર્તાલાપના મધ્યભાગ ને પ્રાન્ત-ભાગનાં, તેમની અનુક્રમે પ્રધાનતા અને ગૌણતાને અનુલક્ષીને, ઉદાહરણો આપી શકાય.

**(૨) ઘટકો વચ્ચેનો શૃંખલાસંબંધ** : કેટલીક વાર ઘટકોને પ્રધાન ગૌણ-સંબંધે સંકળાયેલા હોય તેમ નહીં, પણ તેઓ એકબીજાના સમાન હોય એ રીતે નિરૂપી શકાય; જેમ કે '(રમેશ) (પથ્થર) ઊંચકશે' (મધ્યવર્તી ઘટકો વચ્ચે). 'રમેશ (ગઈ કાલે રમા સાથે મુંબઈ) ગયો.'

**(૩) સમકક્ષતા** : જ્યારે રચનામાંના અવ્યવહિત ઘટકોનું રચનામાં એકનું એક કાર્ય હોય છે ત્યારે તે સમકક્ષ કહેવાય છે. સમકક્ષ ઘટકો **સંયોજક**થી જોડાયલા હોય છે. સંયોજક વ્યક્ત કે અવ્યક્ત હોય; જેમકે 'ઘણો (જાડો અને બેડોળ) માણસ', 'રાત્રે (તે આવીને જમ્યો અને પછી સૂઈ ગયો).' (માતાપિતા)નું ઋણ ન ભુલાય.'

**(૪) સંબંધક-સંબંધિત** : આ સંબંધ એવા બે આવશ્યક ભાગો વચ્ચે હોય છે, જેમાંનો કોઈ પણ એક ભાગ, બંને ભાગોથી પૂરી શકાતા ખાનાને, પૂરેપૂરું પૂરી શકતો નથી. આમાંનો એક ઘટક પ્રાંતવર્તી હોય છે, જે ઘણુંખરું તો નાની સંખ્યાના સભ્યોવાળા રૂપઘટક-વર્ગ વડે અથવા તો કેટલીક વાર ટૂંકા ખંડક વડે પૂરાતો હોય છે, જ્યારે મધ્યવતી ઘટક ઘણી વાર મોટી સભ્યસંખ્યાવાળા વર્ગવાળી વિસ્તારી રચના હોય છે. પ્રાંતવર્તી ઘટક સંબંધકનું અને મધ્યવર્તી ઘટક સંબંધિતનું લક્ષણ ધરા-વતો હોય છે. પ્રાંતવર્તી ઘટકની ભૂમિકા ઘણી વાર તો મધ્યવર્તી ઘટકને વિશાળતર સમાવેશક રચના સાથે માત્ર સાંકળવાની જ હોય છે. જેમ કે 'રમેશને બોલાવો'માં 'ને'.

(ક્રમશઃ)



For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

# પરિભાષા

## (૧)

અનુક્રમ sequence
અનુપંગ frame of reference
અવશેષ, અવશિષ્ટ અંશ residue
અવ્યવહિત ઘટક immediate constituent
અંગાંગિ-સંબંધ/-ભાવ hierarchy
આકારભેદ etic difference
આદાનપ્રદાન interaction
આનુપૂર્વી sequence
આવિષ્કાર manifestation
ઉપવાક્ય cause
ઉપસંહાર post-margin
ઉપસ્થિતિ distribution
ઉપોદ્ઘાત pre-margin
એકમ unit
ઓળખવું identify
ઓળખાવનારું identificational
કક્ષા level
કણ particle
કથાવસ્તુ plot
કોશ cell, lexicon
કોશીય lexical
ક્રમવર્તી syntagmatic
ક્રિયા-પ્રતિક્રિયા interaction
ખંડ segment
ખંડક phrase
ખંડવિભાજન segmentation
ખાનું slot
ગણ set
ગણવર્તી paradigmatic
ગતિશીલ dynamic
ગુચ્છ cluster
ગૌણતા subordination
ઘટક constituent
નિર્દેશ reference
નિર્દેશીય referential
જાળગૂંથણી network
તત્ત્વ element
તરંગ wave
તંત્ર system
ધર્મ property, feature
ધાતુ root
ધ્વનિતત્ત્વ phonology
નામાંકિત labelled
પરસ્પર આવરવું to overlap
પરાયત્ત dependent
પરિચ્છેદ paragraph
પરિપ્રેક્ષ્ય perspective
પરિવર્ત variant



For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

પર્યાય emically the same
પર્વ node
પૃથક્કરણીયતા isolatability
પ્રકરણ universe of discourse
પ્રસ્તાવ proposition
પ્રાન્ત, પ્રાન્તભાગ margin
પ્રાન્તવર્તી marginal
પ્રાપ્તકર્તા benefactee
બંધારણ structure
ભૂમિકા role
ભેદક contrastive
મધ્ય, મધ્યભાગ nucleus
મધ્યવર્તી nucear
યુગલ pair
રચના construction
રચનાઘટક–વિજ્ઞાન tagmemics
રૂપઘટક morpheme
વર્ગ class
વાર્તાલાપ discourse
વિધાન statement
વિધાનવાક્ય declarative sentence
વિનિમય exchange
વિયુક્ત disjunct
વિષય theme
વૃક્ષાકૃતિ tree
વ્યાવર્તક contrastive
શબ્દાંતરણ paraphrase
શાખા branch
શૃંખલા string
સમકક્ષ coordinate
સમકક્ષતા coordination
સમધારણ normal
સમાવિષ્ટ included
સમાવેશ inclusion
સમાવેશક including
સહભાગિતા sharing
સંકુલ complex
સંક્રમણ transition
સંઘટના, સંઘટક તત્ત્વ cohesion
સંજ્ઞા term
સંદર્ભ context
સંનિવેશ setting
સંપુટ package
સંબંધક relator
સંબંધક્ષેત્ર field
સંબોધિત વ્યક્તિ addressee
સંભાષણ conversation
સંયુક્ત conjunct
સંયોજક link
સંરચના structure
સંવ્યવહાર interaction
સાદૃશ્ય analogy
સામગ્રી data
સામર્થ્ય potentiality
સાર્વત્રિક તત્ત્વો / સિદ્ધાંતો universals
સિદ્ધાંત theory, principle
સૂત્ર formula
સ્તર layer
સ્થિતિશીલ static
સ્વરૂપાંતર variant
સ્વાયત્ત independent



For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik



addressee સંબોધિત વ્યક્તિ
analogy સાદૃશ્ય
benefactee પ્રાપ્તકર્તા
branch શાખા
cell કોશ
class વર્ગ
clause ઉપવાક્ય
cluster ગુચ્છ
cohesion સંઘટના, સંઘટક તત્ત્વ
complex સંકુલ
conjunct સંયુક્ત
constituent ઘટક
construction રચના
context સંદર્ભ
contrastive ભેદક, વ્યાવર્તક
conversation સંભાષણ
coordination સમકક્ષતા
coordinate સમકક્ષ
data સામગ્રી
declarative sentence વિધાનવાક્ય
dependent પરાયત્ત
discourse વાર્તાલાપ
disjunct વિયુક્ત
distribution ઉપસ્થિતિ
dynamic ગતિશીલ
element તત્ત્વ
emically the same પર્યાય
etic difference આકારભેદ
exchange વિનિમય
feature લાક્ષણિક તત્ત્વ, ધર્મ
field સંબંધક્ષેત્ર
formula સૂત્ર
frame of reference અનુષંગ
hierarchy અંગાંગિ-સંબંધ / -ભાવ
identify ઓળખવું
identificational ઓળખાવનારું
immediate constituent અવ્યવહિત ઘટક
included સમાવિષ્ટ
including સમાવેશક
inclusion સમાવેશ
independent સ્વાયત્ત
interaction આદાનપ્રદાન, ક્રિયા-પ્રતિક્રિયા, સંવ્યવહાર
isolatability પૃથક્કરણીયતા
labelled નામાંકિત
layer સ્તર
level કક્ષા
lexical કોશીય
lexicon કોશ
link સંયોજક
manifestation આવિષ્કાર
margin પ્રાન્ત, પ્રાન્તભાગ
marginal પ્રાન્તવર્તી
monologue એકોક્તિ
network જાળગૂંથણી
node પર્વ
nuclear મધ્યવર્તી



For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

nucleus મધ્ય, મધ્યભાગ
overlap પરસ્પર આવરવું
package સંપુટ
pair યુગલ
paradigmatic ગણવર્તી
paragraph પરિચ્છેદ
paraphrase શબ્દાંતરણ
particle કણ
perspective પરિપ્રેક્ષ્ય
phonology ધ્વનિતત્ત્વ
phrase ખંડક
plot કથાવસ્તુ
post-margin ઉપસંહાર
potentiality સામર્થ્ય
pre-margin ઉપોદ્‌ઘાત
principle સિદ્ધાંત
property ધર્મ
proposition પ્રસ્તાવ
reference નિર્દેશ
referential નિર્દેશીય
relator સંબંધક
residue અવશેષ, અવશિષ્ટ અંશ
role ભૂમિકા
root ધાતુ
segment ખંડ
segmentation ખંડવિભાજન
sequence અનુક્રમ, આનુપૂર્વી
set ગણ
setting સંનિવેશ
sharing સહભાગિતા
slot ખાનું
statement વિધાન
static સ્થિતિશીલ
string શૃંખલા
structure બંધારણ, સંરચના
subordination ગૌણતા
subordinate ગૌણ
syntagmatic ક્રમવર્તી
system તંત્ર
tagmemics રચનાઘટક-વિજ્ઞાન
term સંજ્ઞા
theme વિષય
theory સિદ્ધાંત
transition સંક્રમણ
tree વૃક્ષાકૃતિ
unit એકમ
universals સાર્વત્રિક તત્ત્વો / સિદ્ધાંતો
universe of discourse પ્રકરણ
variant સ્વરૂપાંતર, પરિવર્ત
wave તરંગ



For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

# અત્રતત્ર

## ૧. એક મહત્ત્વની સમીક્ષા

'લૅંગવેયૂજ ઍન્ડ લર્નિંઙ'—ઝ઼ાં પીઆઝે અને નોમ ચૉમ્સ્કી વચ્ચે ચર્ચા : સંપાદક : ઍમ. પીઆત્તેલી-પાલ્માતીની (હાર્વર્ડ યુનિ. પ્રેસ/રુટલેજ ઍન્ડ કેગન પૉલ, ૧૯૮૦, પૃ. ૪૦૯).

સમીક્ષક : જૉન માર્શલ (ન્યૂરો–સાયન્સ ગ્રુપ, રેડ્ક્લીફ, ઓક્સફર્ડ)*

જો આ પુસ્તક પ્રસિદ્ધ થયું ન હોત તો કોઈ નહીં ને કોઈ વ્યંગકારે એ રચ્યું જ હોત.

૧૯૭૫ માં 'મનુષ્યવિજ્ઞાન' માટેના રોયોમોં-સેંટરે એક જૂની પ્રણાલિને પુનર્જાગૃત કરી : નામાંકિત અણુલક્ષી જીવવિજ્ઞાનીઓ, સંસ્કૃતિવિજ્ઞાનીઓ, ગણિતવિજ્ઞાનીઓ, મનોવિજ્ઞાનીઓ, સંગણકવિજ્ઞાનીઓ અને તત્ત્વજ્ઞાનીઓની બનેલી ઘોંઘાટવાળી સભાની સમક્ષ ઝ઼ાં પીઆઝે અને નોમ ચૉમ્સ્કી જેવા બે નામાંકિત વિદ્વાનોએ મનુષ્યની જીવવૈજ્ઞાનિક રીતે વિશિષ્ટ એવી પ્રવૃત્તિ ઉપરની વિવાદાસ્પદ ચર્ચાનું સંચાલન કર્યું. આ ચર્ચાનું એક જ પાસું વિવાદાસ્પદ ન હતું, અને તે એ કે કેન્દ્રમાં રહેલી બે વ્યક્તિઓનો મનોવિજ્ઞાનના વિકાસ ઉપર આ સદીના ઉત્તરાર્ધમાં સૌથી વધારે પ્રભાવ પડ્યો છે.

આ બન્નેમાંથી એકેય મનોવિજ્ઞાની નથી એ એક વક્રતા છે. છતાં એમાં કોઈ આશ્ચર્ય નથી. પીઆઝેએ પોતાની કારકિર્દી જીવવિજ્ઞાનમાં શરૂ કરી અને પચાસ વર્ષ સુધી બાળકોની તર્કશક્તિના વિકાસનો અભ્યાસ કર્યો —જે રીતે નિસર્ગવિજ્ઞાની કરે તે રીતે. ચૉમ્સ્કી જે વ્યાકરણ લખતા હતા તેને ભાષાપ્રાપ્તિના સિદ્ધાંત તરીકે ઘટાવી શકાય તે તરફ એમનું પોતાનું ધ્યાન ગયું તે પહેલાં તેઓ સ્નાતક વિદ્યાર્થી તરીકે તર્કશાસ્ત્ર, વિજ્ઞાનની ફિલસૂફી અને બંધારણલક્ષી ભાષાવિજ્ઞાન ભણતા હતા.

---

* 'નેચર' (અંક ૨૮૯, પૃ. ૬૧૩-૧૪)માંના અવલોકનને જ અહીં ઉતાર્યું છે. પુસ્તક અહીં હજી ઉપલબ્ધ થયું નથી.

ઝ઼ = તાલવ્ય ઘોષ સ્પર્શસંઘર્ષી.



For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

બીજી એની વક્તા, અથવા કહો તો આંચકો 'એતોને મુઆ!' (= 'ઍસ્ટોનિશ મી!') જેવા આદેશની તદ્દન વિરુદ્ધના પ્રતિસાદમાંથી જન્મે છે. પીઆઝેએ એમની સામગ્રી વડે (જો એમની સામગ્રી સાચી હોય તો) સૂચવ્યું કે બાળકો એવી દુનિયામાં રહે છે, જેને એમના માબાપની દુનિયા સાથે કોઈ નિસ્બત નથી. એનો અર્થ એવો નહિ કે બાળકો આપણા કરતાં અ-જ્ઞાન છે, પણ એમનું અર્થઘટનનું સમગ્ર બંધારણ, એમના તર્ક આપણા કરતાં જુદાં છે. પીઆઝેના કહેવા પ્રમાણે બાળક એવું માને છે કે પહોળા ગ્લાસમાંનું પાણી સાંકડા લાંબા ગ્લાસમાં હોવાથી પાણીનું પ્રમાણ વધી જાય છે. તેમ જ બાળક જ્યારે એમ સમજે છે કે **अ** **ब** કરતાં મોટો છે અને **ब** **क** કરતાં મોટો છે, ત્યારે તે પરથી **अ** **क** કરતાં પણ મોટો છે એવું એ ઘટાવતો નથી. બાળક માટે એવું અર્થઘટન પ્રત્યક્ષાનુભવ ઉપરથી જ નક્કી થાય, કોઈ જાતના અનુમાનથી નહિ. પીઆઝના ટીકાકારો પીઆઝેની સામગ્રી ઉપર જ સીધા પ્રહારો કરે છે: બાળક કદાચ પ્રશ્ન જ ન સમજ્યો હોય, કાં તો એની ગ્રહણશક્તિની ક્રમબદ્ધતાથી મૂંઝાઈ ગયો હોય, કાં તો જવાબ શોધતા પહેલાં ઉપપત્તિ જ ભૂલી ગયો હોય! યાક મેહ્‌લેરે ધ્યાન ખેંચ્યું કે પ્રત્યક્ષાનુભવવાદીઓ પીઆઝે સામે એક જ જાતનો પ્રહાર કરતા—એમના પરિણામને સમજાવવાને બદલે એને રદિયો જ આપી દેતા.

જ્યારે આથી ઊંધું, ચૉમ્સ્કીની મુખ્ય સામગ્રી તદ્દન નજીવી લાગે એટલી સરળ અને કોઈ પણ જાતનો વાંધો ન ઊઠાવી શકાય એવી છે. જેમ કે, 'We like each other' એ વાક્ય 'Each of us likes the other' વાક્યનું જ રૂપાંતર છે. પણ 'We expect John to like each other'નો અર્થ 'Each of us expects John fo like the other' ન થાય. એટલું ચોક્કસ કે એમાંનું પહેલું વાક્ય અંગ્રેજીનું સુબદ્ધ વાક્ય નથી. આ હકીકત અને એમના બીજા અનેક દાખલાઓ અંગે કોઈ શંકા નથી. આવી સીધીસાદી (સર્વમાન્ય) હકીકત માટે 'વિવરણ' (સમજણ) માગીને ચૉમ્સ્કી આપણને આશ્ચર્યમાં મૂકી દે છે. અર્થાત્ એમણે ભાષાના સિદ્ધાંત માટેની રૂપરેખા દોરી: ઓછી સંખ્યામાં નિયમો ઘડી (જેમાંના થોડાક પુનરાવર્તનની શક્યતાવાળા – 'રિકર્સિવ' – હોય) એવું વ્યાકરણ લખવું કે જે ભાષાનાં બધાં જ વાક્યો નિષ્પન્ન કરી શકે અને એમાંથી કોઈ પણ અ-વાક્ય નિષ્પન્ન થાય નહિ; આમાંથી નિષ્પન્ન થયેલા દરેક વાક્યને આપોઆપ સાચું બંધારણીય વર્ણન પ્રાપ્ત થાય એવી રીતે



For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

નિયમોને રૂપબદ્ધ કરવા. તથા કોઈ પણ મનુષ્યભાષાને અનુરૂપ એવા પ્રકારના નિયમો બનાવાય તે માટેની અંકુશિત વ્યવસ્થા શોધવી અને મનુષ્યભાષામાં ન દેખાય એવા નિયમોને બાતલ રાખવા. આવી વ્યવસ્થાની કલ્પના સુધ્ધાં એક ઘડી શ્વાસ થંભાવી દે એવી છે, અને બહુ થોડી સફળતા મળી હોવા છતાં જે રીતે ચૉમ્સ્કી અને બીજા ભાષાવિજ્ઞાનીઓ આ 'પ્રોગ્રામ'ને ચાલુ રાખે છે તે હકીકત મનુષ્યવિજ્ઞાનના ક્ષેત્રમાં મળેલી બધી સિદ્ધિઓ કરતાં વધુ પ્રભાવક છે. ચૉમ્સ્કીના ક્રાન્તિકારક લક્ષ્યથી ભાષાવિજ્ઞાનના ક્ષેત્રને એક રૂપરેખા મળી, અને થોડા અજ્ઞાનગ્રસ્ત ઉછાળાઓ સિવાય આજે જે ભાષાવિજ્ઞાન છે તે ચૉમ્સ્કીએ ૧૯૫૫માં બતાવેલું ભાષાવિજ્ઞાન જ છે. ચૉમ્સ્કીના પોતાના જ વિષયના ટીકાકારો વ્યાકરણનું કોઈ એક અપેક્ષિત પાસું કે રૂપ સ્વીકારે છે અને અમુક બીજા સ્વરૂપના નિયમો અને વ્યવસ્થાને વખોડે છે, કારણ કાં તો આ નિયમો ભાષામાં શક્ય હોય તેના કરતાં વધારે વાક્યો (જે સ્વાભાવિક રીતે જ કુવાક્યો રહેવાનાં) નિષ્પન્ન કરે છે, કાં તો શક્ય હોય એના કરતાં ઓછાં વાક્યો નિષ્પન્ન કરે છે, અથવા તો ખોટું બંધારણીય વર્ણન લાગુ પાડે છે.

ત્રીજી વક્તા આ ચર્ચાના વિષયમાં જ રહેલી છે. પીઆઝેએ કોઈ વાર ભાષાનો અભ્યાસ કર્યો હોય તો તે જવલ્લે જ હશે. છતાં એમના પ્રથમ મુખ્ય પ્રકાશનના મથાળામાં 'ભાષા' શબ્દ છે. પીઆઝેને બાળકો કઈ રીતે બોલે છે તેમાં રસ ન હતો, પરંતુ શું બોલે છે તેમાં રસ હતો. ઘણા મનોવિજ્ઞાનીઓને મતે – ખાસ કરીને જે લોકો નાનાં બાળકોની આસપાસ ટેપરેકૉર્ડર લઈને ફર્યા કરે છે તેમને મતે – ચૉમ્સ્કીએ પણ ક્યારેય ભાષાપ્રાપ્તિનો અભ્યાસ કર્યો નથી. અને છેલ્લે પીઆઝે કે ચૉમ્સ્કી બન્નેમાંથી એકેય મહત્ત્વની જ્ઞાનપ્રાપ્તિ માટે શિષ્ટમાન્ય શિક્ષણનું નજીવા કરતાં વધારે મહત્ત્વ સ્વીકારતા નથી.

આથી કોઈ એમ માની લે કે રોયોમોં-સેંટરે આ બન્નેને ભેગા લાવીને શ્રોતાઓને હચમચાવી મૂકવા માટેનો નુસખો જ ઘડચો હશે. પરંતુ સદ્ભાગ્યે એવું થયું નથી. ઉપસ્થિત રહેલા બધાએ ચર્ચામાં ભવ્ય રીતે પ્રસંગોપાત્ત ભાગ લીધો અને માસ્સીમો પીઆત્તેલી પાલ્માતીનીએ સાચા અર્થમાં અત્યંત તેજસ્વી સંપાદન કરી સારીય ચર્ચાનું ઉત્તમ કક્ષાના પુસ્તકમાં રૂપાંતર કર્યું.

ચૉમ્સ્કીના અભિગમમાં એક જાતની નરી સરળતા છે. પુખ્ત મનુષ્યની ભાષાકીય સૂઝને 'જેનરેયૂટીવ' વ્યાકરણ દ્વારા રજૂ કરી શકાય. આ વ્યાકરણમાં



For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

ભાષાનાં અગણિત વાક્યોનો મેળ ધ્વનિ અને અર્થના સંબંધિત બંધારણ સાથે હોય. આ વ્યાકરણ ભાષાની એક સ્થિર-અવસ્થાનો સિદ્ધાંત છે, જે અમૂર્ત રીતે મનુષ્યમનના એક પાસાનું વર્ણન કરે છે. આનાથી જુદી રીતે, સાર્વત્રિક વ્યાકરણ બધી ભાષામાં સામાન્ય એવી વિશિષ્ટતાઓનું, અથવા તો અમુક પ્રકારનો નિગ્રહ – જેને લીધે ભાષાઓ વિભિન્ન બને છે તેનું વર્ણન કરે છે. આ સિદ્ધાંતોને અને ભાષાઓની વિભિન્નતા સમજાવે તેવાં નિર્ણાયક લક્ષણોને, બાળકની ભાષાપ્રાપ્તિની શરૂઆતની સ્થિતિ સાથે સાંકળવામાં આવ્યાં છે. આ સિદ્ધાંતો અને લક્ષણો સીમિતપણા માટેની શરતો રજૂ કરે – જે સીમામાં રહીને ભાષા શીખનાર પોતે જે ભાષાના સંપર્કમાં આવે તેના વ્યાકરણને સમજી લે છે. અમુક જાતના ભાષાકીય વાતાવરણના સંપર્કમાં આવવું એટલે સાર્વત્રિક વ્યાકરણોએ પ્રકટ કરેલ નિર્ણાયક લક્ષણોની માંડણી કરવી : ભાષામાં બંધારણ–આધારિત 'મુવમન્ટ'ના નિયમો છે (જેમ કે અંગ્રેજીમાં) કે નહિ (જેમ કે જાપાનીમાં)? પાયાનાં તત્ત્વોનો ક્રમ કર્તા-ક્રિયાપદ–કર્મ છે (અંગ્રેજી) કે કર્તા–કર્મ–ક્રિયાપદ છે (જર્મન)? ક્રિયારૂપ પામેલાં વાક્યો ઉપરછલ્લી રીતે કર્તારહિત હોઈ શકે (ઈટાલીય) કે નહિ (અંગ્રેજી)? એક વખત નિર્ણાયક લક્ષણનું મૂલ્ય નક્કી થાય પછી પ્રસ્તુત બંધારણ સાર્વત્રિક સિદ્ધાંતો સાથે આપ-લે કરે, જેથી ભાષાની બીજી બધી વિશિષ્ટતાઓનો ક્રમ તાર્કિક રીતે તારવી લેવાય. આ અર્થમાં બાળક અનુભવ્યું હોય તે કરતાં વધારે શીખી લે છે.

ચોમ્સ્કીની આ વ્યવસ્થા ('પ્રોગ્રામ') એક 'જેનોટાયૂપ'ને (જનીન–પ્રકારને) અત્યંત નિગૃહીત અને વિષય–વિશિષ્ટ સિદ્ધાંતો લાગુ પાડે છે. આમ ભાષાના જે દાખલાઓ પહેલાં ટાંક્યા તે વાક્યનિયત વ્યાકરણના નિયમો ઉપરની અનુમાનિત શરતો તરીકે ઘટાવી શકાય : જેમ કે એક વાક્યમાં સમાયેલા બીજા વાક્યનો જે કર્તા હોય તે જ કર્તા પારસ્પરિક રીતે થતા અર્થઘટનના નિયમ સુધી પહોંચી શકે ('We expect John to like each other' એ વાક્યમાંનો કર્તા 'જોન'). આથી 'કર્તા' માટેની નિદર્શક શરતનું પરિણામ એ આવે કે તે અવ્યાકરણીય વાક્યમાંના પૂરક ભાગને અસંગત બંધારણમાં ફેરવે, જેમ કે 'John likes each other'. ઘણાંઓને આ જાતનો આરોપ વધારે પડતો લાગે. એ લોકો કબૂલ કરે છે કે નર્યો વર્તનવાદ ક્યારનો ય મરી પરવાર્યો છે (ઓકામના વિલિયમે મનોવિજ્ઞાનીઓ એમનું પોતાનું ગળું એની બ્લેડથી કાપે એવું ઇચ્છ્યું ન હતું). પણ આ રીતે 'કર્તા' માટેની નિદર્શક શરત મૂકતા એ લોકો સંકોચ પામે



For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

છે. સ્વ-અંકુશના સામાન્ય નિયમો, જ્ઞાનતંતુથી ચાલતી બુદ્ધિ કે શીખવા માટેનું કૌશલ : એટલું બાળકની ભાષાપ્રાપ્તિ માટે પૂરતું છે? જ્યારે જ્યારે આવા કોઈ પ્રશ્નો ઊભા થાય છે ત્યારે ત્યારે ચૉમ્સ્કીએ, એવું શીખવા માટેનાં સામાન્ય કૌશલ પુખ્ત મનુષ્યની ભાષા સુધી પહોંચે છે તેના પુરાવા માગ્યા છે. અને જ્યારે જ્યારે એમણે એવું માગ્યું છે ત્યારે ત્યારે તે પછીનું મૌન બહેરા કરી મૂકે એવું હોય છે!

'શીખવા' અંગેનો કોઈ પણ નિર્દેશ જેરી ફોડરને પોતાની પ્રખ્યાત દલીલ "બધું જ્ઞાન જન્મજાત છે" ('ધ લૅંગ્વિજ ઑવ થૉટ', હાર્વેસ્ટર, ૧૯૭૫) કરવા પ્રેરે છે. ફોડરે કહ્યું કે જેટલા 'શીખવા'ની વિભાવનાનાં વર્ણનો વિકસ્યાં છે તે બધાં એક રીતે વ્યાપ્ત્યનુમાનના સિદ્ધાંતનાં જુદાં સ્વરૂપ જ છે 'બધાં મરકતરત્ન લીલાં હોય છે' જેવી ઉપપત્તિઓ રજૂ થાય અને જો પુરાવાસહિત એ સાચી સાબિત થાય (અર્થાત્ ઊલટી પુરવાર ન થાય) તો એ માન્યતા તરીકે રૂઢ બને. આ સિદ્ધાંત કહે છે કે ઉપપત્તિમાં જે વિભાવના હોય અને જે આપણે સ્વીકારવા લાગ્યા હોઈએ તે માત્ર ગર્ભિત રીતે જ પ્રાપ્ય ન હોય, પરંતુ પ્રત્યક્ષ રીતે પણ શિક્ષણ-પ્રાપ્તિ માટે ઉપયુક્ત નીવડે. વ્યાપ્ત્યનુમાન એ શિક્ષણપ્રાપ્તિના પ્રત્યક્ષાનુભવવાદી સિદ્ધાંતોનો પાયો મનાય છે, પણ જેમ ફોડર કહે છે તેમ આ મૉડેલ સૌથી સાચો નૈસર્ગિકવાદ રજૂ કરે છે. જેમ કે કોઈ પણ જીવનો વ્યાપાર (એના સમગ્ર વાતાવરણ સાથે) એ જીવને પ્રાપ્ત થયેલ કોઈ પણ વિભાવનામાં (જે અંતે તો એની માન્યતા તરીકે સ્થિર થવાની હોય)જ વ્યવહરે છે. આ બધાનો મૂળ હેતુ એ કે મૂળભૂત અર્થઘટકો જે 'હાથી'થી માંડી 'વિદ્યુત-અણુ' સુધીની વિભાવનાઓને સમાવે છે તે બધા મનુષ્યને જન્મજાત છે. એ 'જીવ'માં અંતર્ગત અને સુપ્ત રીતે પડી રહે અને અનુકૂળ વાતાવરણમાં જાગૃત થવાની વાટ જુએ. આ પરિસંવાદના ઘણા સભ્યોને આ અપમાનજનક લાગ્યું, છતાં જાણે સૉક્રેટીસનું ભૂત કોઈ ખૂણામાંથી આનંદી રહ્યું હોય એવું લાગ્યું. ફોડરની દલીલો પાંચ વર્ષથી જાણીતી છે, પણ સામાન્ય રીતે એ દલીલો ગૂંચવણવાળી અને સંદિગ્ધ ગણાઈ છે. છતાં કોઈ પણ સામી દલીલ હજી સંભળાઈ નથી કે નથી કોઈ જ્ઞાનપ્રાપ્તિના વર્ણન માટેનો વિકલ્પ રજૂ થયો.

ફોડર 'એમના અભિગમમાં વિભાવનાના વિકાસની (પીઆઝેની ભાષામાં 'દૃઢ તર્ક'નો વિકાસ) શક્યતાને રદ કરતા નથી, પણ કહે છે કે એ વિકાસ પરિપક્વતાની સ્થિતિએ પહોંચ્યા પછી થાય, 'શીખવા'થી નહિ.



For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

માનસિક વિકાસ માટેનું આ રૂપક ચૉમ્સ્કી અને પીઆઝે બન્નેમાં સમાન છે. જો કે ચૉમ્સ્કી વધારે દુષ્કર માર્ગ અપનાવે છે. પીઆઝેએ ઘણા વખતથી એવું માન્યું છે કે 'જીવ' એના વાતાવરણની બંધારણીય લાક્ષણિકતાઓ આત્મસાત્ કરે છે. અને તે રીતે એ ભણ્યા વગર ઘણું શીખી લે છે. આ વિચારોનું ગીબ્સનના 'સીધી ગ્રહણશક્તિ'ના સિદ્ધાંત સાથે સામ્ય છે. પીઆઝેનો રચનાત્મકતાવાદ વાતાવરણ સાથેની લેવડદેવડમાંથી નવાં બંધારણો અને વ્યવહાર કેવી રીતે જન્મે તે બતાવવાનો પ્રયત્ન કરે છે. પીઆઝેની એક માનીતી વિભાવના તે પ્રત્યાવર્તનીયતાની. પીઆઝે માને છે કે આ વિચારનું મૂળ બાળકની સમજણમાં રહેલું છે. બાળક સમજી જાય છે કે એ દડો ઊંચકી શકે, પાછો નાખી શકે અને ફરી પાછો પકડી શકે. પહેલાં જ્ઞાનતંતુ વડે ચાલતી બુદ્ધિ દ્વારા રજૂ થતી આ પ્રત્યાવર્તનીયતા, પછીથી અમૂર્ત વિભાવ સમજવા માટે કામમાં આવે છે. (क+ख=ग, તો ग–ख=क.) પરંતુ પીઆઝે બે મુદ્દા બતાવી શકતા નથી. એક તો એ કે જ્ઞાનતંતુના ચલનમાંથી વિભાવના કેવી રીતે જન્મે, અને બીજું એ કે જો કોઈ જીવ પોતાના અનુભવોને આત્મસાત્ કરવાની વિશિષ્ટ શક્તિ પહેલેથી જ લઈને ન જન્મ્યો હોય તો શી રીતે આ વિભાવનાઓ પ્રત્યાવર્તનીય બની શકે? આ રીતે ફોડરની દલીલ ઉપર જ ફરીને પાછા આપણે આવીને ઊભા રહીએ છીએ. પીઆઝેનો અણુલક્ષી જીવવિજ્ઞાનીઓ ('મોલિક્યુલર બાયૉલજિસ્ટ્સ') વિરોધ કરે છે : એ લામાર્કના 'વાતાવરણ બદલવાથી જીવ પણ પોતાનું બંધારણ બદલે' તેવા વર્ણનનો આધાર લે છે. ફ્રાંઝૂવા યાકોબ, ઍન્ટોની ડાન્શીન, ઝ્યાઁ–પીએરે શાંગો અને યાક મોનો વગેરે આનાથી પ્રભાવિત થતા નથી. યાકોબે તો જોરશોરથી 'નવ્ય ડાર્વિનવાદ'નો બચાવ કર્યો.

ડાન્શીન ભારપૂર્વક કહેવા માગે છે કે અણુલક્ષી જીવવિજ્ઞાનનો વિકાસ વાતાવરણની થોડી પણ સૂચક દખલગીરી વગર થયો છે. અને શાંગો પોતાનો ઉદાત્ત 'સિનેપ્ટિક' સ્થિરતાનો સિદ્ધાંત રજૂ કરે છે. એમાં વાતાવરણનું એટલું જ મહત્ત્વ છે કે જેમાં જે ન વપરાયેલાં તત્ત્વો હોય તેમને સમારીને ('પ્રુનિંગ') એક રચનાની પસંદગી ('સિલેક્શન') થાય. પીઆત્તેલી પાલ્માતીની ઠીકીને પોતાની ઉત્તમ પ્રસ્તાવનામાં કહે છે કે અણુલક્ષી જીવવિજ્ઞાનના સંશોધનનો પ્રત્યક્ષ કક્ષા ઉપર વ્યવહરતો 'પ્રોગ્રામ' ચૉમ્સ્કીના 'પ્રોગ્રામ' સાથે ઘણું સામ્ય ધરાવે છે. એટલું ખરું કે ચૉમ્સ્કીનો અભિગમ એવી અમૂર્ત શરતોનું વર્ણન કરે, જે શરતો કોઈ ન ઉકલેલી રચનાએ ફરજિયાત રીતે પાળવી પડે. આ શરતોને એની ગર્ભિત રચના સુધી સાંકળવાનું કામ આપણને વર્ષો સુધી કાર્યરત રાખશે.

**ભારતી મોદી**

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

## ૨. એક મહત્ત્વનો સેમિનાર

રચનાઘટક વિજ્ઞાન ('ટૅગ્મેમિક્સ') અને ખંડાતિવર્તી તત્ત્વો ('સુપ્રા-સેગ્મેન્ટલ્ઝ') ઉપરના પાઠ્યક્રમનું કેન્દ્રીય ભારતીય ભાષા સંસ્થાન ('સેન્ટ્રલ ઈન્સ્ટિટ્યુટ ઑવ ઇન્ડિયન લેંગ્વિજીઝ'–મૈસૂર) તરફથી તા. ૧૩ મી ઑક્ટોબરથી ૮ મી નવેમ્બર ૧૯૮૦ સુધી આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં સમગ્ર ભારતમાંથી કુલ ૨૮ વ્યક્તિઓએ ભાગ લીધો હતો. આ પાઠ્યક્રમ શીખવનાર હતા ડૉ. કેનિથ એલ. પાયૂક, શ્રીમતી ઈવૂલીન પાયૂક અને શ્રી એડગર ટ્રૅવિસ. ડૉ. પાયૂક પોતે જ આ રચનાઘટકવિજ્ઞાનના જનક છે. વળી એમણે છેલ્લાં ત્રીસ વર્ષથી ધ્વનિતત્ત્વ ઉપર સતત કામ કર્યું છે. જગતની કુલ સોથી વધુ ભાષા ઉપર સંશોધન કર્યું છે. તેમાં ઘણી સૂર ધરાવતી ભાષાઓનો પણ સમાવેશ થાય છે શ્રીમતી પાયૂકે પણ રચનાઘટક-વિજ્ઞાન પર ડૉ. પાયૂક સાથે વર્ષોથી કામ કર્યું છે. શ્રી એડગર ટ્રૅવિસે ડૉ. પાયૂકની પાસે રચનાઘટકવિજ્ઞાનની ખાસ તાલીમ લીધેલી છે. આમ, આ સિદ્ધાન્તના મૂળ સ્થાપક જેવા વિદ્વાનો પાસેથી આ વિષય શીખવાની તક મને મળી એ ખરેખર જીવનની ધન્ય ક્ષણો હતી.

પ્રસ્તુત પાઠ્યક્રમની ખાસ વિશિષ્ટતા એ હતી કે એમાં માત્ર સિદ્ધાન્ત ઉપર વ્યાખ્યાનો જ આપવા એટલું બસ નહોતું. પણ સાથોસાથ, એ સિદ્ધાન્તને કોઈપણ ભાષાને લાગુ પાડવા માટેની કાર્યશિબિર પણ હતી. ભાગ લેનારા (એક થાઈલેન્ડની વ્યક્તિ બાદ કરતાં) ભારતના જુદાજુદા પ્રાંતમાંથી આવેલ ભારતીયો હતા. તેથી આ સિદ્ધાન્ત અનુસાર જેમાં ભારતીય ભાષાઓ સંશોધનનો વિષય બની હોય તેવો આ પહેલો જ સેમિનાર હતો. વિદેશી પ્રાધ્યાપકો પણ ભારતીય ભાષા ઉપર કામ કરનાર દરેક વ્યક્તિના કોયડા પરત્વે, તેમની સાથે સાથે સતત ચર્ચા–વિચારણા કર્યા કરતા હતા. સમયપત્રક પણ એવી રીતે ગોઠવ્યું હતું કે પહેલાં બે વ્યાખ્યાનો ડૉ. પાયૂક આપતાં. એમાંનું પહેલું વ્યાખ્યાન સૂર ('ટોન') પર રહેતું અને બીજું વ્યાખ્યાન રચનાઘટકવિજ્ઞાન પર – ખાસ કરીને 'લૅંગ્વિજ, થિઅરી ઍન્ડ ઈસેન્શીયલ નેચર ઇન કૉન્ટેક્સ્ટ' ઉપર – રહેતું. પછીના વ્યાખ્યાન માટે બે જૂથ પાડી નાખ્યાં હતા. એક જૂથ શ્રીમતી પાયૂક સાથે, અને બીજું જૂથ શ્રી ટ્રૅવિસ સાથે રચનાઘટકવિજ્ઞાનની રીતિપદ્ધતિની જાણકારી પ્રાપ્ત કરતું. બપોરે ૨ થી ૫–૩૦ સુધીનો સમય સોંપેલા સિદ્ધાન્તના વિનિયોગ–કાર્ય માટે નિયત રાખેલો હતો.



For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

પહેલા જ વ્યાખ્યાનમાં ડૉ. પાયક્કે કહ્યું હતું કે અમેરિકામાં હું એક સત્રમાં જેટલું કામ કરાવું છું એટલું અહીંયાં ચાર અઠવાડિયામાં કરવાનું છે, માટે સખત કામ કરવું પડશે. અને ખરેખર એ પ્રમાણે જ દરેક વ્યક્તિ પાસે ખૂબ કામ કરાવ્યું હતું. જો કે દરેક વ્યક્તિને પછી એવી લાગણી થઈ હતી કે પાઠ્યક્રમ હજી જરા વધારે લાંબો હોત તો વધારે સારું કામ થઈ શકત. પાઠ્યક્રમને અંતે બધાએ એકએક 'પ્રોજેક્ટ પેપર' લખીને આપવાનો હતો, જેમાં રચનાઘટક-વિજ્ઞાન કે ખંડાતિવર્તી તત્ત્વોના સિદ્ધાન્તનો વિનિયોગ કરવાનો હતો. તે માટે બીજે દિવસે બધાં પાસે એક ફોર્મ ભરાવ્યું; જેમાં અત્યાર સુધી શું શું કામ કર્યું છે, શું છપાવ્યું છે, ભાષાવિજ્ઞાનની કઈ શાખામાં મુખ્યત્વે રસ છે, અહીંયાં કયા 'પ્રોજેક્ટ' પર કામ કરવાની ઇચ્છા છે...વગેરે ભરીને આપવાનું હતું. પછી દરેકે દરેક વ્યક્તિનો ડૉ. પાયક્કે વિસ્તારથી 'ઈન્ટર્વ્યૂ' લીધો. અને એ પ્રમાણે દરેકના 'પ્રોજેક્ટ'નો વિષય નક્કી કર્યો.

પ્રસ્તુત પાઠ્યક્રમ માટે, જેના કેટલાક અંશનો ટૂંક સાર 'ભાષાવિમર્શ'માં ક્રમશઃ અપાઈ રહ્યો છે તે 'ગ્રામેટિકલ ઍનલિસિસ' એ પુસ્તક પાઠ્યપુસ્તક તરીકે વપરાતું હતું.

ડૉ. પાયક્કે રોજના વ્યાખ્યાન ઉપરાંત થોડા બીજા વિષયો ઉપર પણ વ્યાખ્યાનો આપ્યાં હતાં, તથા પોતાના લખેલા થોડાક લેખોની ચર્ચા કરી હતી; જેવા કે : (1) Translation in Relation to Focus in English Clauses, (2) Language and Style. (3) Analysis of the Vocal Performance of a Poem, (4) Nucleation, (5) Nonsense in the Service of Sense, (6) Levels of Observer Relationship in Verbal Art, (7) Developing Pre-natal, Pre-nasals in Two Years Old Unborn Infants, (8) Semiotic Analysis of Folklore in Relation to Real and Unreal Universe—a Case Study, (9) Mathematical Group as They Appeared to Sociolinguistics and vice versa, (10) Bath-Tub Navy-a Chronological Analysis, (11) Tone in Nepali Language.

તદુપરાંત, તેમણે ત્રણ સર્વસામાન્ય સ્વરૂપનાં વ્યાખ્યાનો આપ્યાં હતાં. (1) Grammar versus Reference in the Analysis of



For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

Discourse, (2) Philosophical Implications of Tagmemic Thoary, (3) Language Learning by Gestures-(monolingual demonstration). આ છેલ્લા વ્યાખ્યાનમાં એમણે ખરેખર એક અદ્‌ભુત અનુભવ કરાવ્યો. એમને તો પહેલેથી મુદ્દલ જાણ નહોતી કે ભાષક કઈ ભાષા બોલે છે. છતાં પણ જ્યારે ભાષકને સ્ટેજ પર લાવવામાં આવ્યો, ત્યારે, બીજી કોઈ પણ ભાષાની મદદ વગર માત્ર અમુક વસ્તુઓની મદદથી લગભગ અરધો કલાક સુધી ભાષાસામગ્રી એકઠી કરી. અરધા કલાકમાં તો એ ભાષાનાં વાક્યોની કેટલી બધી સંરચનાઓ તેમણે એકઠી કરી બતાવી! વળી, એ ભાષા સૂરવાળી હતી. તે કયા ભાષાજૂથની હોઈ ભાષા શકે એનું પણ તેમણે અનુમાન કર્યું. છેલ્લે દશ મિનિટમાં ભાષક પાસે અંગ્રેજી ભાષાંતર કરાવી, પોતે અનુમાનેલાં તારણોની ચકાસણી કરી બતાવી. અને પોતે ધારેલી કઈ કઈ સંરચનાઓ તેઓ ન મેળવી શક્યા એની પણ વાત કરી.

શ્રીમતી પાયૂકે પણ નીચેના બે વિષયો પર વધારાનાં વ્યાખ્યાનો આપ્યાં : (૧) શેર્પા ભાષાના સકર્મકતાને આધારે પડતા વાક્યપ્રકારો, (૨) Tzu tijil (ગ્વાટેમાલામાં બોલાતી) ભાષાના વાક્યપ્રકારો અને તેના ધાતુભૂત નામના ચાળીશ પેટાપ્રકારો. આ વ્યાખ્યાનમાં તેમણે વાક્યતત્ત્વના આધાર વિના રૂપતત્ત્વનો અભ્યાસ કેવો અધૂરો રહે છે તે ઉદાહરણો દ્વારા સમજાવ્યું.

સેમિનારમાં આ વ્યાખ્યાનો ઉપરાંત સમગ્ર ધ્યાન તો 'પ્રોજેક્ટ–પેપર ઉપર જ કેન્દ્રિત કરાયું હતું. ત્રણ અઠવાડિયાંમાં અંતે પેપરનો પહેલો મુસદ્દો તૈયાર કરીને આપી દેવાનો હતો. બે દિવસમાં તે તપાસાઈને આવી ગયા પછી પ્રાધ્યાપકોએ કરેલાં સૂચનો અનુસાર તે ફરીથી લખીને આપી દેવાનો હતો, તે પહેલાં બપોરના બેથી સાંજના છ વાગ્યા સુધી પ્રાધ્યાપકોની સાથે પોતાના પેપરો માટે સલાહમસલત કરવાની રહેતી. દરેક અધ્યાપક કલાક કે અરધો કલાક એકએક વિદ્યાર્થીને આપતા. દરેક પ્રાધ્યાપકે નવદસ નવદસ વિદ્યાર્થીઓ વહેંચી લીધા હતા, કે એમના માર્ગદર્શન હેઠળ 'પ્રોજેક્ટ–પેપર' તૈયાર કરવાનો હતો. એટલે વિદ્યાર્થી ઉપરાંત પ્રાધ્યાપકને પણ દરેક ભાષાના કોયડા પર કામ કરવાનું રહેતું. કોઈક વાર તો પ્રાધ્યાપકો તપાસવાની સામગ્રી પોતાને રહેઠાણે લઈ જાય; ત્રણે ય પ્રાધ્યાપકો સાથે મળી મસલત કરી, બીજે દિવસે તે પ્રમાણે વિદ્યાર્થીને માર્ગદર્શન આપે. આમે ય તેમના રહેઠાણે



For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

ગયા પછી પણ રાતના અગિયાર સુધી તેઓ વિદ્યાર્થીને માર્ગદર્શન આપતાં. એટલે એમની સમક્ષ તો એક અને માત્ર એક જ ધ્યેય હતું : ' પ્રોજેક્ટ-પેપરો ' સારામાં સારી રીતે તૈયાર કરાવવાયા આમાં તમિળ, તેલુગુ, મળયાળમ, કંન્નડ, ગુજરાતી, પંજાબી–હિન્દી, બંગાળી, સાંતાલી, ઉડિયા, અસમિયા, મિઝો, મૈતેરીં ( મણિપુરની ), અંગામી નાગા, ગારો, કોન્યાક ( konyak ), નોક્તે ( Nocte ), મિશમી તથા Bonkog & Kanchanaburi વગેરે ભાષાઓ ઉપર કામ થયું. ડૉ. પાયૂકની ઉમ્મર ૬૮ વર્ષની, શ્રીમતી પાયૂક પણ લગભગ એવડી જ ઉંમરનાં, છતાં કોઈ પણ જુવાનને શરમાવે એટલી મહેનત કરતાં, તથા અમારી વિદ્યાર્થીઓની પાસે પણ એટલી જ મહેનત કરાવતાં. અને કાર્યનિષ્ઠા તો કેટલી ! એક પુસ્તક ત્યાંના મૈસુરના પુસ્તકાલયમાં નહોતું તે છેક અમેરિકાથી–અને તે પણ ટેક્સાસ યુનિવર્સિટીના પુસ્તકાલયમાંથી વિમાનમાર્ગે મંગાવી આપ્યું અને તે પણ છેલ્લાને આગલે દિવસે ! તે પછી એની પર દોઢ કલાકનું વ્યાખ્યાન પણ તે દિવસે આપ્યું; અને અહીંયાં તે પુસ્તક ૧૫–૨૦ દિવસ માટે મૂકતા પણ ગયા. પોતાનાં કેટલાં બધાં પુસ્તકો અને લેખો લાઈબ્રેરીમાં રાખ્યાં હતાં કે કોઈ પણ વિદ્યાર્થી એનો ઉપયોગ કરી શકે !

આ સેમિનારની ફળશ્રુતિ રૂપે, ' સેન્ટ્રલ ઇન્સ્ટિટયુટ ઑવ ઇન્ડિઅન લૅંગ્વિજીઝ ' ( CIIL ) આ ૨૮ પ્રોજેક્ટ–પેપરોમાંથી છાપવાલાયક પેપરોનું ચયન કરીને નજીકના ભવિષ્યમાં પુસ્તક છાપશે.

આ સેમિનારમાં બે દિવસ માટે પ્રૉ. હૅલિડે અને શ્રીમતી હૅલિડે પણ આવ્યાં હતાં; તેમણે પણ એકએક વ્યાખ્યાન આપ્યું હતું. પ્રો. હૅલિડેએ ' નૅચરલ ગ્રામર્ઝ ' ઉપર અને શ્રીમતી હૅલિડેએ ' કોહિઝ઼ન ' ઉપર વ્યાખ્યાન આપ્યું હતું.

**ઊર્મિ ઘનશ્યામ દેસાઈ**

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik


With Best Compliments From...

ALWAYS INSIST ON RUSTOM FABRICS

* 100% Polyester Printed Shirting and Dress Materials
* Wash & Wear Dyed Poplins & Prints
* Fancy Screen Print, Poplins, Cambrics etc.
* "RUSCORISED" (PRE-SHRUNK) Poplins, Checks, Dyed Merc.

: Authorised Retail Shop :

V & U, Ashram Road, Ahmedabad - 380 009

# RUSTOM MILLS & INDUSTRIES LTD.

P. B. No. 131, AHMEDABAD - 380 001

Gram : "Uplit"
Telex : 012-489

Tele. : 24327
& 24328


For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

જો શબ્દનો જ્યોતિ સર્વત્ર પ્રકાશતો ન હોય તો
આખું ય વિશ્વ અંધકારમય બની જાય.

—દંડી



શુભેચ્છક

કનુભાઈ એન્જિનિયર્સ પ્રા. લિ૦

૩, મેંગો લેન, કલકત્તા-૭૦૦ ૦૦૧

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik


## COMMERCE

An authoritative source of facts, figures and comments on India's industry, agriculture trade, banking, commodities and the economy as a whole, with an appropriate focus on international affairs.

All the facts of current development in the Indian economy are continuously and closely studied by the staff of the Commerce Research Bureau on the basis of the latest available primary data The results of these studies are made available to the wider public through the pages of Commerce.

This makes Commerce an invaluable source of authentic information for Colleges, Universities and everyone concerned with the academic world.

Annual Subscription : Rs. 125-00
Half yearly : Rs. 65-00
Single copy : Rs. 2-50

●

Editor : **VADILAL DAGLI**

●

# Commerce Publication Ltd.

Manek Mahal (6th Floor), 90, V. N. Road,
Off Churchgate, BOMBAY - 400020.


For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

# "અરે, ફેવિકોલ હોય પછી ઢીંગલી બનાવવામાં કેટલી વાર!"

ધંધાદારી કારીગરોની પ્રથમ પસંદગી પામેલું આ ફેવિકોલ આપ પણ આવાં અનેક કામ માટે સદા હાથવગું જ રાખો. ગમે ત્યારે ફેવિકોલની જરૂર પડવાની જ !

ઑલ ઈન્ડિયા હૅન્ડીક્રાફ્ટ ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ તેમજ હસ્તકલાની અન્ય સંસ્થાઓમાં ફેવિકોલ વધુને વધુ પ્રમાણમાં વપરાય છે.

ફેવિકોલ વડે આપ ફાવે તે ચોંટાડો:
- કાગળ
- થર્મોકોલ
- લાકડું
- કાપડ
- માટીની ચીજ-વસ્તુઓ
- આભલાં ને

એવી ઘણીખરી વસ્તુઓને ફેવિકોલ સિન્થેટિક રેઝિનં એડ્હેસિવ જલદી અને મજબૂત રીતે ચોંટાડી દે છે.

કામ પણ દરેક વખતે જુઓ તો સ્વચ્છ, સુઘડ, સુંદર ને સફાઈદાર !




ચોંટાડવા માટે સર્વોત્તમ

**ફેવિકોલ®**

કારીગરોનું માનીતું અજોડ એડ્હેસિવ.

® પિડિલાઇટ ઇન્ડસ્ટ્રીઝ પ્રાઇવેટ લિમિટેડ, પો. બૉ. નં. ૧૧૦૮૪, મુંબઈ ૪૦૦ ૦૨૦નો રજિસ્ટર્ડ ટ્રેડ માર્ક

PIDILITE

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

# વૃક્ષોની વૃદ્ધિ આપણી સમૃદ્ધિ

ગામેગામે ગ્રામવન ઊભાં કરી તેનું જતન કરીએ

માહિતી-ગુજરાત-૭૭

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

**લોકકલા શ્રેણી-૪-માતાની પછેડી.**

ગુજરાતમાં સાબરમતીને કાંઠે પછાત કોમના લોકો વર્ષોથી માતાની પછેડી રંગતા આવ્યા છે. પછેડીના રેખાંકનમાં કપડાના મધ્યમાં જોગણી, અંબામાતા, બહુચરા, ભદ્રકાલી, કાળકા,ચામુંડા અને ખોડિયાર , એમ સાત માતાજીમાંથી કોઈ પણ એકની આકૃતિ આલેખી હોય છે. માતાજી તેના વાહન પર વિરાજમાન હોય છે અને તેની આજુબાજુ દેવો અને ભક્તજનોનાં ચિત્રો હોય છે. મૂળે પૂજા વેળાએ માતાની મૂર્તિની પાર્શ્વભૂમાં રાખવામાં આવતી પછેડી હવે તો ઘરે ઘરે બેઠકખંડમાં ભીંત-શણગાર માટે વપરાતી થઈ ગઈ છે.

પછેડી ચિત્રકૌશલ્ય તેના લોહી જેવો ઘટ્ટ લાલ, મેશ જેવો કાળો અને સફેદ રંગો થકી એક નોખી અને અનેરી ભાત પાડે છે. દેશી હાથવણાટ અથવા મિલનું એ કાપડ પછેડી બનાવવા વપરાય છે, કારણ કે રંગ ચડાવવામાં સરળ બને છે. કાટ ખાધેલા લોખંડને ખૂબ તપાવી ગોળના પાણીમાં આઠ દિવસ સુધી ખુલ્લામાં તડકા નીચે રાખવામાં આવે છે લોખંડ ધીરે ધીરે પીગળી જતાં તેમાં કચુકાનો લોટ નાખી મિશ્રણ બનાવાય છે, જે રંગ તરીકે વપરાય છે.

આજે અતુલમાં-તરેહ તરેહનાં રંગ દ્રવ્યો (ડાઈઝ) રાસાયણિક રીતે તૈયાર થાય છે. આ ડાઈઝની મદદથી સુતરાઉ, શણના, ઊનના, રેશમી, આર્ટસિલ્કના તેમજ માનવ સર્જિત સિન્થેટિક કાપડથી માંડીને ચામડું તથા કાગળ પર પણ સુંદર રંગકામ કરી શકાય છે.

આ ઉપરાંત અતુલ ડાઈ ઈન્ટરમીડિએટસનું ઉત્પાદન કરે છે, જેની મદદથી ડાઈઝ તથા સફેદને અધિક ઉજ્જવળ કરી દેનાર ઓપ્ટિકલ વ્હાઈટનીંગ એજંટ બનાવી શકાય છે.

"રંગો રાસાયણિક, આધુનિક સૌ ચીજો સોહાય,
'અતુલ'ના સર્વોત્તમ રંગે સૌ કોઈ મોહાય."

®ધી અતુલ® પ્રૉડક્ટ્સ લિ.

અતુલ-વિરાટ રાસાયણિક સંકુલ
પો. ઑ. અતુલ, જિલ્લો : વલસાડ-૩૯૬૦૨૦
ગુજરાત (ભારત)
ફોન : ૬૧ તાર : "TULA" અતુલ
ટૅલેક્સ : "૦૧૭૩-૨૩૨ અતુલ ઇન"

## રંગકામનો ઇતિહાસ અને આપણો સાંસ્કૃતિક વારસો

Adroit-1366

For Private and Personal Use Only